

RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક
Volume : 18
Issue : 195
Dt.: 28-03-2026,
Saturday
Page : 04
Rs.00.50 paisa

### ATF પર એક્સપોર્ટ ડ્યુટીમાં વધારો કરવામાં આવ્યો

# પેટ્રોલ-ડીઝલ ઉપર એક્સાઈઝ ડ્યુટીમાં ઘટાડો કરવામાં આવ્યો

## વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલના સપ્લાયમાં મોટો ઘટાડો થતાં કેન્દ્ર સરકારે પેટ્રોલ અને ડીઝલ પરની એક્સાઈઝ ડ્યુટી ૧૦-૧૦ રૂપિયા ઘટાડી દીધી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઈરાન-અમેરિકા-ઈઝરાયલ યુદ્ધને કારણે હોર્મૂઝની ખાડી બંધ હોવાથી વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલના સપ્લાયમાં મોટો ઘટાડો થતાં સંકટની ઘડી સર્જાઈ છે ત્યારે કેન્દ્ર સરકારે એક મહત્ત્વનો નિર્ણય કરતાં પેટ્રોલ અને ડીઝલ પરની એક્સાઈઝ ડ્યુટી ૧૦-૧૦ રૂપિયા ઘટાડી દીધી છે. પેટ્રોલ પર એક્સાઈઝ ડ્યુટી ૧૦ રૂપિયા ઘટાડીને ૩ રૂપિયા કરી દેવામાં આવી છે. જ્યારે ડીઝલ પરની એક્સાઈઝ ડ્યુટી ઘટાડી શૂન્ય કરી દેવામાં આવી છે. તેનો અર્થ એ છે કે હવે પેટ્રોલ અને ડીઝલ ૧૦ રૂપિયા સસ્તા થઈ શકે છે. જોકે રાજ્ય સરકારનો વેટ લાગુ રહેશે. પહેલા પેટ્રોલ પર એક્સાઈઝ ડ્યુટી ૧૩ રુપિયા હતી અને ડીઝલ પર એક્સાઈઝ ડ્યુટી ૧૦ રૂપિયા પ્રતિ લીટર હતી. જોકે હવે આ એક્સાઈઝ ડ્યુટી ઘટવાથી રાહત મળી શકે છે અને પેટ્રોલ-ડીઝલના ભાવ ઘટી શકે છે. જોકે આ નિર્ણય હવે ઓઈલ કંપનીઓએ કરવાનો રહેશે.

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધની અસરને કારણે વૈશ્વિક તેલ બજારમાં આવેલા તોતિંગ ઉછાળા વચ્ચે કેન્દ્ર સરકારે પેટ્રોલ અને ડીઝલ પર એક્સાઈઝ ડ્યુટી ઘટાડવાનો મોટો નિર્ણય લીધો છે. પેટ્રોલિયમ મંત્રાલયના પીપીએસી (PPAC) ના તાજેતરના આંકડા મુજબ, ફેબ્રુઆરી ૨૦૨૬ માં ભારતીય બાસ્કેટના ક્રૂડ ઓઈલની સરેરાશ કિંમત ૬૯.૦૧ ડોલર પ્રતિ બેરલ હતી, જે ૨૪ માર્ચ સુધીમાં વધીને ૧૨૩.૧૫ ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગઈ છે. એટલે કે માત્ર એક મહિનામાં આશરે ૭૮% નો જંગી વધારો નોંધાયો છે. કાચા તેલના ભાવમાં થયેલા આ અસહ્ય વધારાએ તેલ કંપનીઓ પર પેટ્રોલ-ડીઝલના છૂટક ભાવ વધારવા માટે દબાણ વધાર્યું હતું. પરંતુ સામાન્ય જનતા પર સીધો બોજ નાખવાને બદલે, સરકારે એક્સાઈઝ ડ્યુટીમાં કાપ મૂકીને રાહત આપવાનો માર્ગ પસંદ કર્યો છે.




કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર માહિતી આપી હતી કે આંતરરાષ્ટ્રીય બજારમાં તેલની કિંમતો ૭૦ ડોલરથી વધીને ૧૨૦ ડોલરને પાર પહોંચી ગઈ છે, જેના કારણે વિશ્વના અનેક ભાગોમાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં ૨૦% થી ૫૦% સુધીનો વધારો થયો છે. દક્ષિણ-પૂર્વ એશિયાઈ દેશોમાં કિંમતોમાં લગભગ ૩૦%-૫૦%, ઉત્તર અમેરિકાના દેશોમાં ૩૦%, યુરોપમાં ૨૦% અને આફ્રિકાના દેશોમાં ૫૦% સુધીનો વધારો જોવા મળ્યો છે. દરમિયાન,પશ્ચિમ એશિયામાં વધી રહેલા તણાવ અને ઈરાન-ઈઝરાયલ યુદ્ધના કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલ મોંઘું થયું છે. આ સ્થિતિનો ફાયદો ઉઠાવી રહેલા આંતરરાષ્ટ્રીય કારોબારીઓ પર લગામ કસવા માટે ભારત સરકારે મોટો નિર્ણય લીધો છે. સરકારે ભારતમાંથી નિકાસ થતા ડીઝલ અને વિમાનના બળતણ (ATF) પર એક્સપોર્ટ ડ્યુટીમાં વધારો કર્યો છે.

ક્રૂડ ઓઈલ મોંઘું થવાને કારણે પેટ્રોલ-ડીઝલ બનાવવું ખર્ચાળ બન્યું છે. કેટલાક કારોબારીઓ ભારતમાંથી સસ્તું ડીઝલ અને ATF મંગાવીને વિદેશી બજારોમાં ઊંચા ભાવે વેચી નફો કમાઈ રહ્યા હતા. આ બાબતને ધ્યાનમાં રાખીને ઘરેલું બજારમાં ઈંધણની પૂરતી ઉપલબ્ધતા જાળવી રાખવા માટે સરકારે ડ્યુટી વધારવાનો નિર્ણય લીધો છે.

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે સોશિયલ મીડિયા દ્વારા આ અંગેની જાણકારી આપી હતી. નિકાસ થતા ડીઝલ પર પ્રતિ લિટર રૂ.૨૧.૫ ની એક્સપોર્ટ ડ્યુટી લાદવામાં આવી છે. નિકાસ થતા ATF પર પ્રતિ લિટર રૂ.૨૯.૫ ની એક્સપોર્ટ ડ્યુટી લગાવાઈ છે. સાથે જ નાણામંત્રીએ જણાવ્યું કે, પશ્ચિમ એશિયાના સંકટ વચ્ચે સામાન્ય જનતાને રાહત આપવા માટે ઘરેલું ઉપયોગમાં લેવાતા પેટ્રોલ અને ડીઝલ પરની સેન્ટ્રલ એક્સાઈઝ ડ્યુટીમાં પ્રતિ લિટર રૂ.૧૦ નો ઘટાડો કરવામાં આવ્યો છે. સામાન્ય ગ્રાહકો માટે રાહતના સમાચાર એ છે કે આ નિર્ણયની પેટ્રોલ પંપ પર મળતા ઈંધણના ભાવ પર કોઈ અસર નહીં પડે. દેશની સૌથી મોટી ઓઈલ કંપની ઈન્ડિયન ઓઈલના જણાવ્યા અનુસાર, સરકારના આ નિર્ણયથી ગ્રાહકોએ વધુ કિંમત ચૂકવવી પડશે નહીં અને પેટ્રોલ-ડીઝલના ભાવ યથાવત રહેશે.

### પ્રતિબંધ હોવા છતાં કુરિવાજથી હજારો મહિલાઓના અકુદરતી મોત થાય છે

# દહેજને કારણે થતાં મૃત્યુ સમાજ પર ગંભીર કલંક : સુપ્રીમ કોર્ટ

### દહેજને કારણે મૃત્યુ જેવા ખૂબ જ ગંભીર ગુનામાં હાઈકોર્ટે પોતાના વિવેકાધિકારનો ઉપયોગ કરતી વખતે ખૂબ કાળજી રાખવી જોઈતી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દહેજના કારણે થતાં મૃત્યુને સમાજ માટે ગંભીર કલંક ગણાવી સુપ્રીમ કોર્ટે જણાવ્યું છે કે કાયદામાં દહેજ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હોવા છતા આ સામાજિક કુરિવાજને કારણે હજારો મહિલાઓના અકુદરતી મોત થઈ રહ્યાં છે. દહેજ મૃત્યુ કેસમાં એક પુરુષના જામીન રદ કરતા ન્યાયાધીશ જે.બી. પારડીવાલા અને વિજય બિશ્નોઈની બનેલી ખંડપીઠે અવલોકન કર્યું હતું કે આરોપીને જામીન પર મુક્ત કરવાનો પટણા હાઈકોર્ટનો આદેશ સંપૂર્ણપણે અયોગ્ય છે. દહેજને કારણે મૃત્યુ જેવા ખૂબ જ ગંભીર ગુનામાં હાઈકોર્ટે પોતાના વિવેકાધિકારનો ઉપયોગ કરતી વખતે ખૂબ કાળજી રાખવી જોઈતી હતી. ખંડપીઠે જણાવ્યું હતું કે દહેજના કારણે થતાં મૃત્યુ ખરેખર ગંભીર સામાજિક દુષણ છે તથા માનવાધિકાર તથા ગૌરવના ભંગનું ઉદાહરણ છે. કાનૂની



પ્રતિબંધ હોવા છતાં આ પ્રથા હજુ પણ હજારો મહિલાઓના અકુદરતી મૃત્યુનું કારણ બને છે. ઘણીવાર હત્યા દ્વારા અથવા વરરાજાના પરિવાર તરફથી પૈસા અથવા કિંમતી વસ્તુઓની લોભ-પ્રેરિત માંગણીઓને કારણે આત્મહત્યા તરફ દોરી જાય છે. દહેજથી થતું મોત સમાજ પર એક ગંભીર કલંક છે. સર્વોચ્ચ અદાલતે કહ્યું હતું કે હાઈકોર્ટના આદેશમાં કોઈ વિશેષ ચર્ચા કરાઈ નથી અને માત્ર એ જ બાબત ધ્યાનમાં લેવામાં આવી હતી કે આરોપી ન્યાયિક કસ્ટડીમાં છે અને અત્યાર સુધી માત્ર બે સાક્ષીઓની જ પૂછપરછ થઈ છે. હાઈકોર્ટ આ મામલાના ઘણા મહત્વપૂર્ણ પાસાઓ, ખાસ કરીને મૃતકના શરીર પર ઈજાઓના નિશાન દર્શાવતા પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને ગુનો થયાની ધારણાને નજરઅંદાજ કરી હતી. આરોપીની તરફથી રજૂ થયેલા વકીલે દલીલ કરી હતી કે આ કેસ આત્મહત્યાનો છે. મૃતકની માનસિક સ્થિતિ સારી ન હતી અને તેને ઈમારતના છઠ્ઠા માળેથી કૂદીને આત્મહત્યા કરી હતી. આ મામલામાં મહિલા ૧ સપ્ટેમ્બર, ૨૦૨૪એ સાસરિયાના ઘરમાં શંકાસ્પદ સ્થિતિઓમાં મૃત હાલતમાં મળી આવી હતી. તેના શરીર પર બહાર અને અંદરની અનેક ઈજાઓ હતી. પોસ્ટમોર્ટમ રિપોર્ટ મુજબ મૃત્યુનું કારણ માથાની ઈજાને કારણે થયેલ હેમરેજ હતું.

### LPG મુદ્દે કેન્દ્રનો રાજ્યોને મોટો આદેશ

## સરકારે રાજ્યો માટે કોમર્શિયલ LPGના ક્વોટાને ૭૦% સુધી પહોંચાડી દીધો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશના ઔદ્યોગિક વિકાસને વેગ આપવા અને ઉત્પાદન ક્ષેત્રે પડતી મુશ્કેલીઓને દૂર કરવા માટે ભારત સરકારે એક મહત્ત્વનું અને નિર્ણાયક પગલું લીધું છે. કેન્દ્રીય પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ જાહેરાત કરી છે કે, સરકારે રાજ્યો માટે કોમર્શિયલ LPGના ક્વોટામાં મોટો વધારો કરીને તેને ૭૦% સુધી પહોંચાડી દીધો છે.

પેટ્રોલિયમ મંત્રાલયના સચિવ ડૉ. નીરજ મિત્તલે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવોને પત્ર લખીને આ અંગે જાણકારી આપી છે. અગાઉ કોમર્શિયલ LPGની ફાળવણી પ્રી-ક્રાઈસીસ લેવલના ૫૦% સુધી મર્યાદિત હતી. જેમાં હવે ૨૦%નો વધારો કરવામાં આવ્યો છે. આ સાથે જ કુલ ફાળવણી હવે ૭૦% થઈ ગઈ છે. આ નિર્ણયનો મુખ્ય હેતુ મિડલ ઈસ્ટ સંકટ અથવા અન્ય કારણોસર ઉદ્ભવેલી ગેસની તંગીમાં ઉદ્યોગોને રાહત આપવાનો છે. સરકારે આ વધારાના ૨૦% ક્વોટા માટે કેટલીક શરતો અને પ્રાથમિકતાઓ નક્કી કરી છે. લેબર-ઈન્ટેન્સિવ સેક્ટર જેવા કે સ્ટીલ, ઓટોમોબાઈલ, ટેક્સટાઈલ, ડાઈંગ, કેમિકલ્સ અને પ્લાસ્ટિક જેવા ઉદ્યોગોને આ ફાળવણીમાં પ્રાધાન્ય આપવામાં આવશે.

ઉપરાંત સ્પેશિયલાઈઝ્ડ હીટિંગ એવા ઉદ્યોગો કે જેમને ખાસ હીટિંગ પ્રક્રિયા માટે LPGની અનિવાર્ય જરૂરિયાત છે અને જ્યાં નેચરલ ગેસ વિકલ્પ તરીકે વાપરી શકાતો નથી, તેમને પ્રથમ પસંદગી મળશે. આ નિર્ણયથી શ્રમ-સઘન ઉદ્યોગોને વેગ મળશે, જેનાથી રોજગારીની તકો સુરક્ષિત થશે. ડૉ. નીરજ મિત્તલે પોતાના પત્રમાં રાજ્યોને ૧૦% રિફોર્મ-બેઝ્ડ (સુધારા આધારિત) એલોકેશનનો તાત્કાલિક લાભ આપવા માટે પણ આગ્રહ કર્યો છે. જે રાજ્યોએ PNG(પાઈપ્ડ નેચરલ ગેસ)ને પ્રોત્સાહન આપવા માટે જરૂરી સુધારા કર્યા છે, તેમને આ વધારાનો લાભ મળશે. આ પગલાથી ઔદ્યોગિક કામગીરીમાં આવતા અવરોધો દૂર થશે અને આર્થિક ગતિવિધિઓ તેજ બનશે.

### ઉર્જા સંકટ સામેની તૈયારીની કરાઈ સમીક્ષા

# મોદીની મહત્ત્વપૂર્ણ બેઠકઃ તમામ રાજ્યોના મુખ્યમંત્રી થયા સામેલ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધના કારણે સમગ્ર વિશ્વમાં માઠી અસર પડી રહી છે. ભારતમાં પણ ઓઈલ અને ગેસ અંગે ચિંતા વધી છે. એવામાં આજે સાંજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના તમામ મુખ્યમંત્રી સાથે બેઠક યોજી છે. યુદ્ધના કારણે ભારતમાં આવી રહેલા પડકારો સામે રાજ્યોની તૈયારી અંગે આ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. નોંધનીય છે કે વડાપ્રધાન મોદીએ યુદ્ધ અંગે લોકસભા અને રાજ્યસભામાં સંબોધન પણ કર્યું હતું. જેમાં તેમણે રાજ્ય સરકારોને સહકાર આપવા તથા ટીમ ઈન્ડિયાની ભાવનાથી કામ કરવા હાંકલ કરી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે સાંજે દેશના તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે એક મહત્વની વર્ચ્યુઅલ બેઠક યોજી હતી. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા ભીષણ યુદ્ધ અને તેના કારણે ઉભા થયેલા ઉર્જા સંકટની સમીક્ષા કરવા માટે આ બેઠક બોલાવવામાં આવી હતી. પીએમ મોદીએ આ બેઠકમાં ફરી એકવાર ટીમ ઈન્ડિયાની ભાવના પર ભાર મૂક્યો છે.

યુદ્ધ અને ઊર્જા સંકટને કારણે સોશિયલ મીડિયા પર લૉકડાઉન લાગુ થવાની અફવાઓ જોર પકડી રહી હતી. આ મામલે કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીએ સ્પષ્ટતા કરતા જણાવ્યું છે કે ભારત સરકાર પાસે લૉકડાઉન લાદવાનો કોઈ પ્રસ્તાવ વિચારાધીન નથી અને આવી અફવાઓ તદ્દન ખોટી છે. મંત્રીએ જણાવ્યું કે અત્યારની વૈશ્વિક પરિસ્થિતિ તણાવપૂર્ણ છે, પરંતુ નાગરિકોએ ગભરાવાની કે પેનિક (Panic) થવાની જરૂર નથી. સરકાર ઊર્જા, સપ્લાય ચેઈન અને જીવનજરૂરી ચીજવસ્તુઓની સ્થિતિ પર દરરોજ રિયલ ટાઈમ નજર રાખી રહી છે. તેમણે લોકોને શાંત રહેવા અને જવાબદારીપૂર્વક વર્તવા અપીલ કરી છે.

વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલના સપ્લાયમાં મોટો ઘટાડો થતાં સંકટની ઘડી સર્જાઈ છે ત્યારે કેન્દ્ર સરકારે એક મહત્ત્વનો નિર્ણય કરતાં પેટ્રોલ અને ડીઝલ પરની એક્સાઈઝ ડ્યુટી ૧૦-૧૦ રૂપિયા ઘટાડી દીધી છે. પેટ્રોલ પર એક્સાઈઝ ડ્યુટી ૧૦ રૂપિયા ઘટાડીને ૩ રૂપિયા કરી દેવામાં આવી છે. જ્યારે ડીઝલ પરની એક્સાઈઝ ડ્યુટી ઘટાડી શૂન્ય કરી દેવામાં આવી છે.

### DAC એ આપી મંજૂરી

# ભારત રશિયા પાસેથી ખરદીશે S-400 ડિફેન્સ સિસ્ટમ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારત તેના સંરક્ષણ સાધનોનું મોટા પાયે અપગ્રેડ કરી રહ્યું છે. ૨૭ માર્ચ, ૨૦૨૬ ના રોજ સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં આશરે રૂ.૨.૩૮ લાખ કરોડના અંદાજિત ખર્ચ સાથે વિવિધ દરખાસ્તો માટે સ્વીકૃતિની આવશ્યકતા (AoN) મંજૂર કરવામાં આવી. રક્ષા મંત્રાલયે ભારતીય વાયુસેના માટે રશિયા પાસેથી S-400 એર ડિફેન્સ સિસ્ટમની વધારાની બેટરી ખરીદવાની મંજૂરી આપી છે. રક્ષા મંત્રાલયની ડિફેન્સ એક્વુજેશન કાઉન્સિલ (DAC) એ આજે એક મહત્વપૂર્ણ બેઠક યોજી હતી, જેમાં આ પ્રસ્તાવને લીલી ઝંડી આપવામાં આવી હતી.

સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહની અધ્યક્ષતામાં રક્ષા અધિગ્રહણ પરિષદ (DAC) એ શુક્રવારે (૨૭ માર્ચ, ૨૦૨૬) આશરે રૂા.૨.૩૮ લાખ કરોડના વિવિધ શસ્ત્રો અને વિમાનોની ખરીદી માટેના પ્રસ્તાવોને મંજૂરી આપી હતી.

DAC ની બેઠકમાં, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે રશિયા પાસેથી લાંબા અંતરની સપાટીથી હવામાં પ્રહાર કરતી મિસાઈલ સિસ્ટમ ખરીદવાના પ્રસ્તાવોને મંજૂરી આપી હતી, જેમાં મધ્યમ પરિવહન વિમાન, દૂરસ્થ રીતે પાયલોટેડ સ્ટ્રાઈક વિમાન અને ભારતીય વાયુસેના માટે જી-૩૦ એરોએન્જિન એગ્રીગેટ્સના ઓવરહોલનો સમાવેશ થાય છે.

મધ્યમ પરિવહન વિમાનનો સમાવેશ ભારતીય વાયુસેનાના AN-32 અને IL-76 કાફલાને બદલશે. આ IAF ની વ્યૂહાત્મક, વ્યૂહાત્મક અને ઓપરેશનલ એરલિફ્ટ જરૂરિયાતોને પૂર્ણ કરશે. જ્યારે રિમોટલી પાયલોટેડ એરક્રાફ્ટ આક્રમક બદલો લેવા સહિત સંકલિત હવાઈ કામગીરી કરવાની તેની ક્ષમતામાં વધારો કરશે, ત્યારે આ એરક્રાફ્ટ સ્ટીલ્થ ઈન્ટેલિજન્સ, સર્વેલન્સ અને રિકોનિસન્સ કામગીરીને પણ નોંધપાત્ર રીતે ટેકો આપશે.

ભારતીય કોસ્ટ ગાર્ડને હેવી ડ્યુટી એર કુશન વાહનો (AON) માટે મંજૂરી આપવામાં આવી છે. આ વાહનોનો ઉપયોગ બહુહેતુક દરિયાઈ દરિયાકાંઠાની કામગીરી માટે કરવામાં આવશે, જેમાં હાઈ-સ્પીડ કોસ્ટલ પેટ્રોલિંગ, રિકોનિસન્સ, શોધ અને બચાવ કામગીરી, જહાજોને સહાય પૂરી પાડવા અને લોજિસ્ટિક્સ સહિત કર્મચારીઓ અને પુરવઠાના પરિવહનનો સમાવેશ થાય છે.

નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં, DAC એ રૂ.૬.૭૩ લાખ કરોડના મૂલ્યના ૫૫ દરખાસ્તો માટે ઈંદ્ર ને મંજૂરી આપી છે. વધુમાં, ચાલુ નાણાકીય વર્ષમાં રૂ.૨.૨૮ લાખ કરોડના મૂલ્યના ૫૦૩ દરખાસ્તો માટે મૂડી પ્રાપ્તિ કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. મંજૂર થયેલા AON નું પ્રમાણ અને અત્યાર સુધી હસ્તાક્ષર કરાયેલા મૂડી કરારોની સંખ્યા કોઈપણ નાણાકીય વર્ષમાં સૌથી વધુ છે.

## યુદ્ધ વચ્ચે હોર્મુઝ મામલે અર્થશાસ્ત્રીઓની ગંભીર ચેતવણી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધ અને હોર્મુઝની સામુદ્રધુનીમાં સર્જાયેલા તણાવને કારણે હવે વૈશ્વિક અર્થતંત્ર ડૂબવાની અણી પર હોવાનું ચિત્ર સ્પષ્ટ થઈ રહ્યું છે. જાણીતા ઉર્જા અર્થશાસ્ત્રી અનસ અલહાજીએ ચેતવણી આપી છે કે જો આ સંઘર્ષ જલ્દી ખતમ નહીં થાય, તો આગામી મે મહિનાની શરૂઆત સુધીમાં વૈશ્વિક અર્થતંત્ર ક્રેશ થઈ શકે છે.અલહાજીના જણાવ્યા અનુસાર, હોર્મુઝ સ્ટ્રેટ એ વિશ્વનો સૌથી મહત્વપૂર્ણ એનર્જી રૂટ છે, જ્યાંથી દુનિયાના કુલ તેલ વપરાશનો ૨૦% હિસ્સો પસાર થાય છે. ઈરાનના અંકુશ હેઠળના આ માર્ગમાં કોઈપણ પ્રકારનો અવરોધ વૈશ્વિક વેપાર અને ઉર્જા બજાર પર વિનાશક અસર કરી શકે છે. હાલમાં તેની અસર યુરોપમાં જોવા મળી રહી છે, જ્યાં તેલ-ગેસની અછત અને કિંમતોમાં તોતિંગ ઉછાળો નોંધાયો છે.એનર્જી માર્કેટમાં અત્યારે તેલના ભાવમાં ભડકો જોવા મળી રહ્યો છે. જો આ યુદ્ધ લાંબુ ખેંચાય તો એશિયન માર્કેટમાં તેલના ભાવ તમામ રેકોર્ડ તોડી શકે છે, જેના કારણે મોંઘવારી અને સપ્લાય ચેઈનમાં મોટો વિક્ષેપ પડી શકે છે. અર્થશાસ્ત્રીએ અમેરિકાના 'સ્ટ્રેટજિક ઓઈલ રિઝર્વ' (વ્યૂહાત્મક તેલ ભંડાર) પર પણ સવાલો ઉઠાવ્યા છે. તેમણે પૂછ્યું છે કે જો આ સંઘર્ષ લાંબો ચાલશે તો બજારને સ્થિર કરવા માટે વપરાતા અમેરિકાના તેલ ભંડારનું શું થશે?



# તંત્રી લેખ......

## અસ્થિરતા વધવાની અપેક્ષા

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલ યુદ્ધ તેના ચોથા અઠવાડિયામાં પ્રવેશી ગયું છે, અને સમાપ્ત થવાના કોઈ સંકેત દેખાતા નથી. આ સંઘર્ષ, પશ્ચિમ એશિયામાં સામાન્ય લશ્કરી મુકાબલાને બદલે, દબાણ અને રાજદ્વારીના પરિચિત જગદમન કાર્યને પ્રતિબિંબિત કરે છે. યુએસ લાંબા સમયથી ઈરાન સામે આ યુક્તિઓનો ઉપયોગ કરે છે. આ યુદ્ધ તેમનું વિસ્તરણ હોય તેવું લાગે છે. જ્યારે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ, જે તેમના ભવ્ય ઘોષણાઓ માટે જાણીતા છે, તેમણે એક વ્યાપક ઉકેલનો સંકેત આપ્યો છે, તે પણ સાચું છે કે યુદ્ધ અંગેની રેખાઓ ઝાંખી થઈ રહી છે.

આ ધુમ્મસમાં, યુદ્ધનો હેતુ અને પરિણામ બંને અસ્પષ્ટ રહે છે. અમેરિકાએ પહેલાથી જ ઈરાન પર કેટલાક મુદ્દાઓ પર દબાણ કર્યું હતું, જેમ કે યુરેનિયમ સંવર્ધન બંધ કરવું, તેના પરમાણુ કાર્યક્રમને સંપૂર્ણ રીતે બંધ કરવો અને તેના પ્રાયોજિત પ્રોક્સી સંગઠનોને તોડી પાડવા. આ એવી શરતો હતી જેના માટે ઈરાન ક્યારેય સંમત થશે નહીં. એકમાત્ર વિકલ્પ યુદ્ધ બાકી હતો, જે ઈઝરાયલ દ્વારા શરૂ કરવામાં આવ્યો હતો અને અમેરિકા દ્વારા સમર્થિત હતો.

આ એક પરંપરાગત ઉશ્કેરણીજનક ક્રમ પર ભાર મૂકે છે, જેમાં રાજદ્વારીને પહેલા અલ્ટીમેટમ તરીકે રજૂ કરવામાં આવે છે અને પછી લશ્કરી કાર્યવાહી માટે આધાર તરીકે ઉપયોગ કરવામાં આવે છે. બીજી બાજુ, ઈરાને તેની પરમાણુ મહત્વાકાંક્ષાઓને નકારી કાઢી છે, પરંતુ આ ક્ષેત્રમાં તેની ભૂમિકાને વિસ્તૃત કરવાની તેની મહત્વાકાંક્ષાઓ અને તેની સતત વધતી જતી ક્ષમતાઓએ કેટલીક શંકાઓ ઉભી કરી છે.

યુદ્ધની આસપાસ વધતી જતી અનિશ્ચિતતા સાથે, ટ્રમ્પનું વલણ બદલાતું દેખાય છે. ૨૩ માર્ચે, ટ્રમ્પે જાહેરાત કરી કે તેમણે ઈરાન સાથે "ખૂબ જ સારી અને ઉત્પાદક વાટાઘાટો" કરી છે. અગાઉ, તેમણે ઈરાની ઉર્જા સ્થાપનો પર હુમલો કરવા માટે અલ્ટીમેટમ આપ્યું હતું, અને પછી, વાટાઘાટોનો ઉલ્લેખ કરીને, વાટાઘાટોને પાંચ દિવસ માટે મુલતવી રાખવાની ઓફર કરી હતી. જોકે, ઈરાને ટ્રમ્પની વાટાઘાટોની યુક્તિઓને ઝડપથી નકારી કાઢી હતી. ઈરાને પહેલાથી જ અમેરિકાના ૧૫-મુદ્દાના એજન્ડાને નકારી કાઢ્યો છે અને પાંચ સ્પષ્ટ માંગણીઓ રજૂ કરી છે. આ પ્રક્રિયાના પરિણામ ગમે તે હોય, અમેરિકાએ વારંવાર પુનરાવર્તન કર્યું છે કે ઈરાનને કોઈપણ કિંમતે પરમાણુ શસ્ત્રો મેળવવા દેવામાં આવશે નહીં. આ પુનરાવર્તન રાજદ્વારીને સ્પષ્ટ હેતુ આપે છે. આ બધા વચ્ચે, આ વાટાઘાટોની આસપાસનું વાતાવરણ પણ નોંધપાત્ર છે, જેમ કે મધ્યસ્થી તરીકે પાકિસ્તાનની ભૂમિકા અને ઈરાની સંસદના સ્પીકર અને ટ્રમ્પના ખાસ પ્રતિનિધિઓ વચ્ચે ઈસ્લામાબાદમાં સંભવિત બેઠક વિશેની અટકળો.

આમાં કેટલું સત્ય છે તે જાણી શકાયું નથી, પરંતુ એ ચોક્કસ છે કે રાજદ્વારી વિકલ્પોની શોધ કરવામાં આવી રહી છે. બધા જૂથોમાંથી વાણી-વર્તનને દબાણ લાવવા અને તેનો સામનો કરવાના બંને માધ્યમ તરીકે જોઈ શકાય છે. વર્તમાન પરિસ્થિતિ ટ્રમ્પની જાણીતી શૈલી સાથે સુસંગત છે, જ્યાં તે મહત્તમ દબાણ દ્વારા સોદાબાજીને પ્રાથમિકતા આપે છે. આ દબાણ વ્યૂહરચના લાંબા સમયથી ઈરાનને અસ્થિર બનાવનાર દેશ તરીકે દર્શાવતી આવી છે, ખાસ કરીને તેની પરમાણુ ક્ષમતાઓ અને ઈઝરાયલના અસ્તિત્વ માટે તેમના દ્વારા ઉભા થતા સતત ખતરા તરીકે. આ વાર્તામાં, લશ્કરી કાર્યવાહીને રક્ષણાત્મક અને આક્રમક બંને રીતે રજૂ કરવામાં આવી છે. પહેલું ઈરાનને સજા આપવાનું છે અને બીજું તેની ક્ષમતાઓને એટલી હદે ખતમ કરી દેવાનું છે કે તેની પાસે વાટાઘાટો સિવાય બીજો કોઈ વિકલ્પ રહેતો નથી. પછી કોઈપણ સંભવિત કરારને સદ્ભાવનાના સંકેત તરીકે દર્શાવવામાં આવે છે, પરંતુ તે ઈરાન પાસે કોઈ વિકલ્પ નથી. જો કોઈપણ સંભવિત વાટાઘાટોમાં સમૃદ્ધ યુરેનિયમ દૂર કરવાનો મુદ્દો આવે છે, તો સાર્વભૌમત્વનો પ્રશ્ન પણ ઉભો થશે, જેનાથી આવા પગલા શક્ય બનશે કે કેમ તે અંગે પ્રશ્નો ઉભા થશે.

તેહરાનમાં આ અંગે સંમતિ સાધવાની શક્યતા ઓછી લાગે છે. ઔપચારિક વાટાઘાટો કરવાનો ઈરાનનો સ્પષ્ટ ઇનકાર શંકા અને તણાવ બંનેને પ્રકાશિત કરે છે. ઈઝરાયલને ડર છે કે તણાવ ઓછો કરવાથી મહેનતથી મેળવેલી સિદ્ધિઓનું મહત્વ ઘટશે.

### ડેપ્યુટી કમિશનર નિધિ સીવાચનો અહમ ઘવાતા કાયદેસર ફાળવેલી યુનિયનોની ઓફિસોને તાળા મારી દીધા

# સુરત મહાનગરપાલિકાની ઓફીસમાંથી જુદા જુદા યુનિયનોની અડધી રાત્રે તાળા તોડી સામાન બહાર ફેકી દઈ યુનિયન ઓફિસોના ગેરકાયદેસર કબ્જા કરનારા અધિકારીઓ સામે પગલા ભરવા સુરત પોલીસ લાચાર

સુરતઃ- સુરત શહેરના લાલગેટ પોલીસ સ્ટેશનની હદમાં આવેલ સુરત મહાનગરપાલિકાની બિલ્ડીંગ માંથી અડધી રાતે મહાનગરપાલિકાના અધિકારીઓએ યુનિયન ઓફિસોના તાળાતોડી કબ્જા લઈ લેવામાં આવેલ છે.જેની સામે જુદા-જુદા યુનિયનો દ્વારા તાઃ-૨૦/૧૧/૨૦૨૫ નારોજ લાલગેટ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટરને લેખિત ફરિયાદ આપવામાં આવેલ.તે ફરિયાદની તપાસ સુરત શહેરના લાલગેટ પોલીસ વિસ્તારમાં મદદનીશ પોલીસ કમીશનરશ્રીને તપાસ સોંપવામાં આવેલ. પરંતુ ચાર મહિના જેવો લાંબો સમય થવા છતાં તપાસ આગળ વધી નથી.જે સુરત શહેર પોલીસની નિષ્ક્રિયતા સાબિત કરે છે. સામાન્યરીતે-સામાન્ય ગુનેગારને પકડી વરઘોડા કાઢી વાહ-વાહ લૂંટતી હોઈ છે, પરંતુ આ કેસમાં કઈ બન્યું જ ના હોઈ તેમ પોલીસ કોઈપણ પ્રકારની તપાસ કરી નથી.

પ્રાપ્ત માહિતી મુજબ સુરત મહાનગરપાલિકામાં ત્રીસક હજાર જેટલા કર્મચારીઓ/અધિકારીઓ ફરજ બજાવી રહ્યા છે આવા કર્મચારીઓ પોતાની ફરિયાદ અંગે એકસાથે રજૂઆત કરવા જઈ શકે નહિ.સુરત મહાનગરપાલિકાના બિલ્ડીંગમાં અનેક કર્મચારીઓ મહાનગરપાલિકામાં ફરજ બજાવતા આવેલ છે.કર્મચારીઓની ફરિયાદ અને તેના નિરાકરણ માટે જુદા-જુદા યુનિયનો અસ્તિત્વમાં આવેલા છે... સુરત સુરત મ્યુનીસિપલ એપ્લોઈઝ (સ્ટાફ) યુનિયન જેની નોધણી અંગ્રેજોના સમયમાં મહારાષ્ટ્ર ગુજરાત એક હતું ત્યારે થયેલ છે.અખિલ ભારતીય કામદાર સંગઠન જેની નોધણી ૨૦વર્ષ પહેલા થયેલ છે. અખિલ ભારતીય સફાઈ મજદુર કોંગ્રેસ જેની નોંધણી મહારાષ્ટ્રમાં થયેલ છે.અને આ યુનિયનના રાષ્ટ્રીય પ્રમુખ તરીકે કેન્દ્ર સરકારમાંમાં જુદા-જુદા વિભાગ અને ગૃહ-મંત્રાલય સંભાળનાર સરદાર બુટ્ટાજી હતા. વાલ્મીકી સમાજના સફાઈ કામદારોને અન્યાય થતો અટકાવવા માટે સરદાર બુટ્ટાજીએ આ યુનિયનની સ્થાપના કરેલ હતી. બીજું યુનિયન છે નવયુવાન કર્મચારી સેવા સંઘ વિગેરે યુનિયનના આગેવાનોએ તેઓની ફરિયાદમાં જણાવ્યા મુજબ, કેટલાક અધિકારીઓ અને કર્મચારીઓએ અગાઉથી યુનિયનોને જાણ કાર્ય વગર યુનિયન ઓફિસોના તાળા અડધીરાત્રે તોડી યુનિયન ઓફીસમાંથી દસ્તાવેજો લવાજમ પેટે વસુલ કરેલા નાણા તેમજ દેશના મહાનુભાવો બંધારણ ના ઘડવ્યા ડો.બાબાસાહેબ આંબેડકરની ફોટોફ્રેમ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલની તસ્વીરો બહાર ફેંકી દઈને આ અધિકારીઓએ ગંભીર ફરજચૂક કરી છે. તેમજ દેશના મહાન પુરુષોનું પણ અપમાન કરેલ છે. મહાનગરપાલિકા ધારે તો યુંનીયોનો ના આગેવાનોની હાજરીમાં ઓફિસો ખાલી કરાવી શકાઈ હોત પરંતુ રાત્રે ૧૨:૦૦ કલાકે પોલીસનો બંદોબસ્ત લઈ યુનિયન ના આગેવાનોને ગેટ ઉપરજ અટકાવી દઈ યુનિયનોની ઓફીસના કબ્જા લઈ લીધા છે. આ અંગે લાલગેટ પોલીસને કિરીટ જે વાઘેલા, મોહંમદ ઈકબાલ શેખ, હેમંત જ સોલંકી અને નરેશ બી. પડાયા ની સહીથી આપેલ ફરિયાદ થી મહાનગરપાલિકાના જવાબદાર તમામ અધિકારીઓ સામે **FIR** નોંધવાની માંગણી કરેલ છે.સુરત મહાનગરપાલિકામાં કાર્યરત ૨૫ જેટલા યુંનીયોનોના જણાવ્યા મુજબ મહાનગર પાલિકા ના ડેપ્યુટી (ડેપ્યુટેશન) નિધિ સીવાચ અને કમિશનર શાલીની અગ્રવાલના વહીવટ સામે સુરત મ્યુનીસિપલ એપ્લોઈઝ (સ્ટાફ) યુનિયનના પ્રમુખશ્રી મોહંમદ ઈકબાલ શેખ, નામદાર ગુજરાત હાઈ કોર્ટમાં સફાઈ કામદારોને સેનેટરી સબ ઈન્સ્પેક્ટર તરીકે પ્રમોશનમાં અન્યાય થઈ રહેલ હોવાની પીટીશન દાખલ કરી હતી ડેપ્યુટી કમિશનર નિધિ સીવાચે નામદાર ગુજરાત હાઈકોર્ટની નોટીશ ની અવગણના કરી ૭૮ જેટલા કર્મચારીઓને ખોટી રીતે પ્રમોશન આપવામાં આવેલ હતા. તેનો વિરોધ કરતા અને નામદાર ગુજરાત હાઈકોર્ટમાં તે અંગે ની ફરિયાદ કરાતા ડેપ્યુટી કમિશનર નિધિ સીવાચને નામદાર ગુજરાત હાઈકોર્ટમાંથી હાજર થવા અને પ્રમોશનના હુકમો રદ કરવા હુકમ કરવામાં આવેલ હતો. જેથી ડેપ્યુટી કમિશનર નિધિ સીવાચનો અહમ ઘવાયેલ અને તેઓ અને કમિશનર શાલીની અગ્રવાલ વિગેરે એ યુનિયન આગેવાનોને સબક શીખવાડવા અડધી રાત્રે તાળાતોડી યુનિયન ઓફિસોના કબજા લઈ લેવામાં આવેલ છે. યુનિયનો સરકાર દ્વારા અને સરકારની મંજુરીથીજ અસ્તિત્વમાં આવતા હોઈ છે.ત્યારે સુરત મહાનગર પાલિકાના ૩૦હજાર જેટલા કર્મચારીઓ/અધિકારીઓ નેયુનિયન વિહોણા કરવાનું પાપ ડેપ્યુટી કમિશનર નિધિ સીવાચે કર્યુ છે. અહિયાં પ્રશ્ન એ થાય કે,ગુજરાતમાં કેટલાક ક્લેકટરોની ધરપકડ કરવામાં આવી છે, ત્યારે નિધિ સીવાચ અને મનપાના અધિકારીઓ સામે ગુનો નોંધતા પોલીસને કોણ રોકી રહ્યું છે?

# ઓપરેશન "રેલ પ્રહરી": સંવેદનશીલ મામલે તાત્કાલિક કાર્યવાહી




પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના રેલવે સુરક્ષા બળ (આરપીએફ) દ્વારા "ઓપરેશન રેલ પ્રહરી" અંતર્ગત ઉચ્ચ સ્તરની સતર્કતા અને ત્વરિત સમન્વય દ્વારા એક સગીર બાળકીના અપહરણ સંબંધિત ગંભીર પ્રકરણનું સફળતાપૂર્વક ઉકેલ લાવી પીડિતાની સુરક્ષા સુનિશ્ચિત કરી. ઉલ્લેખનીય છે કે તારીખ ૨૬.૦૩.૨૦૨૬ના રોજ વર્સોવા પોલીસ સ્ટેશન મુંબઈ માં ખાતે અપરાધ સંખ્યા ૦૩૨૫/ ૨૦૨૬, કલમ ૧૩૭(૨) ભારતીય ન્યાય સંહિતા **(BNS)** હેઠળ સગીર બાળકીના અપહરણનો કેસ નોંધાયો હતો. પ્રાપ્ત માહિતી મુજબ, અપહરણ કરાયેલ સગીર ને એક યુવાન દ્વારા ટ્રેન સંખ્યા ૧૨૪૮૦ (સૂર્યનગરી એક્સપ્રેસ) ના જનરલ શ્રેણીના કોચમાં અમદાવાદ તરફ લઈ જવામાં આવી રહી હતી. મામલાની સંવેદનશીલતા અને ગંભીરતાને ધ્યાનમાં રાખીને આરપીએફ અમદાવાદ દ્વારા તાત્કાલિક બહુસ્તરીય દેખરેખ અને સંકલિત કાર્યવાહી શરૂ કરવામાં આવી. સંબંધિત શંકાસ્પદની વિગત અને ફોટોગ્રાફનો તાત્કાલિક પ્રસાર કરી તમામ બીટ સ્ટાફને એલર્ટ કરવામાં આવ્યા તેમજ વાયરલેસ સંચાર માધ્યમો દ્વારા સતત દેખરેખ સુનિશ્ચિત કરવામાં આવી. ટ્રેનના અમદાવાદ સ્ટેશન પર આગમન બાદ, રેલવે સુરક્ષા દળ, અમદાવાદના નિરીક્ષક શ્રી પ્રવીણ કુમારના માર્ગદર્શન હેઠળ ઉપનિરીક્ષક શ્રી પિયુષ ચૌધરીના નેતૃત્વમાં હેડ કૉન્સ્ટેબલ મહેન્દ્ર સિંહ, મહેશ પરમાર, રાકેશ સિંહ તથા કૉન્સ્ટેબલ પ્રદીપ દ્વારા સુનિયોજિત અને સઘન તપાસ અભિયાન હાથ ધરવામાં આવ્યું. અભિયાન દરમિયાન ઉપલબ્ધ વિગતોના આધારે શંકાસ્પદ યુવાન અને સગીર બાળકીની ઓળખ કરી તેમને કાયદેસર કસ્ટડીમાં લેવામાં આવ્યા. ત્યારબાદ કરવામાં આવેલી પૂછપરછમાં સગીર (ઉંમર ૧૬ વર્ષ, રહેવાસી અંધેરી પશ્ચિમ, મુંબઈ) અને આરોપી યુવાન શિવમ (ઉંમર ૧૯ વર્ષ, રહેવાસી રાયબરેલી, ઉત્તર પ્રદેશ) દ્વારા ઘરેથી ભાગી આવ્યાની પુષ્ટિ થઈ. પ્રકરણમાં કાર્યવાહી સુનિશ્ચિત કરતાં બંનેને આગળની તપાસ માટે જીઆરપી અમદાવાદને સોંપવામાં આવ્યા તથા સંબંધિત વર્સોવા પોલીસ સ્ટેશનને જાણ કરવામાં આવી. અમદાવાદના મંડલ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશ એ આરપીએફ ટીમની પ્રશંસા કરતાં જણાવ્યું કે તેમની ત્વરિત અને અસરકારક કામગીરીના કારણે સગીરની સુરક્ષા સુનિશ્ચિત થઈ, જે મુસાફરો, ખાસ કરીને મહિલાઓ અને બાળકોની સુરક્ષા પ્રત્યે રેલવેની પ્રતિબદ્ધતાને દર્શાવે છે.

# ગુજરાતમાં દહેજના દુષણે ૩ વરસમાં ૧૮૦ થી વધુ મહિલાઓનો ભોગ લીધો

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાતને ભલે વિકસિત રાજય ગણવામાં આવતુ હોય પરંતુ આજે પણ દહેજના દુષણની કુપ્રથાને કારણે મહિલાઓએ જીવ ગુમાવવાનો વારો આવે છે. રાજયમાં ૩ વરસ દરમિયાન ૧૮૦ મહિલાઓને દહેજનુ દુષણ ભરખી ગયુ હોવાની વિગતો બહાર આવી છે. તો બીજી તરફ આ સમય દરમિયાન દહેજના દુષણની કુલ ૫૬૩૮ ફરીયાદો પોલીસ ચોપડે નોંધાઈ છે.

મહિલાઓના આત્મ સન્માનની વાતો તો બહુ થાય છે. પરંતુ દહેજ જેવી વરસો જુની કુપ્રથામાંથી મહિલાઓને છુટકારો અપાવવામાં સરકાર ઉણી ઉતરી છે. દહેજના દુષણને ડામવા માટે કાયદો અમલમાં છે.છતાં આજે પણ ગુજરાતમાં દહેજના કારણે મહિલાઓએ મોત ની સોડ તાણવી પડે છે. વિધાનસભાના સત્ર દરમિયાન પુછાયેલા પ્રશ્નના જવાબમાં ખુદ રાજય સરકારે સ્વીકાર્યુ છે કે ૩ વરસમાં ગુજરાતમાં દહેજના દુષણના કારણે ૧૮૦ મહિલાઓએ આપઘાત કરી લીધો છે. જયારે આપઘાતના પ્રયાસના ૪ કેસ નોંધાયા છે. આપઘાતની આ ઘટનાઓમાં અમદાવાદ અને સુરત મોખરે છે. સરકારના જવાબ અનુસાર તમામ કેસમાં ૫૨૨ આરોપીઓની ધરપકડ થઈ છે અને ૧૫ આરોપીઓને પકડવાના હજુ બાકી છે. અલબત્ત આ તો દહેજના દુષણની ચરમસીમા રૂપ બાબતનો ચિતાર છે. ગુજરાતમાં સૌથી વધુ કેસ અમદાવાદમાં નોંધાયા છે. જેમાં ૧૬૬૫ કેસ સામે ૩૪ મહિલાઓએ આપઘાત કર્યો, સુરતમાં ૧૧૬૬ કેસ ૩૬ આપઘાત, બનાસકાંઠા માં ૩૬૨ કેસ, ૭ આપઘાત, ભાવનગરમાં ૯૯ કેસ ૯ આપઘાત, ભરૂચ ૮૯ કેસ ૨ આપઘાત, પંચમહાલ ૯૧ કેસ ૨ આપઘાત, અમરેલીમાં ૭૪ કેસ ૫ આપઘાત, જામનગરમાં ૭૦ કેસ ૩ આપઘાત, રાજકોટમાં ૧૫૮ કેસ અને ૫ મહિલાઓએ અંતિમ પગલુ ભર્યુ છે.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ૧૩.૯૬ લાખથી વધુ વિદ્યાર્થીઓના ખાતામાં નમો લક્ષ્મી-નમો સરસ્વતી જ્ઞાન સાધના યોજના અન્વયે રૂ. ૩૫૪ કરોડની શિષ્યવૃત્તિનું DBTથી વિતરણ કર્યુ




રાજ્ય સરકાર દ્વારા શિક્ષણને સર્વસ્પર્શી અને ગુણવત્તાયુક્ત બનાવવાના સંકલ્પ સાથે વિદ્યા સમીક્ષા કેન્દ્ર ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને અને શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાની પ્રેરક ઉપસ્થિતિમાં શિષ્યવૃત્તિ વિતરણ સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાયક્રમમાં મુખ્યમંત્રીશ્રી અને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે **SSIP 2.O**, નમો લક્ષ્મી, નમો સરસ્વતી વિજ્ઞાન સાધના, મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ અને મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજનાના અંદાજે ૧૩.૯૬ લાખથી વધુ વિદ્યાર્થીઓના ખાતામાં **DBT**ના માધ્યમથી રૂ. ૩૫૪ કરોડની શિષ્યવૃત્તિનું વિતરણ કરવામાં આવ્યું હતું.

રાજયમાં કન્યાઓના ઉચ્ચ શિક્ષણનું પ્રમાણ વધારવા તથા વિજ્ઞાન પ્રવાહ પ્રત્યે દિકરા-દિકરીઓનો ઝોક વધે તે માટે નમો લક્ષ્મી અને નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરણાથી શરૂ કરવામાં આવી છે.

રાજ્ય સરકારે આત્યાર સુધીમાં ૨૭.૬૧ લાખ વિદ્યાર્થીઓને આ યોજનાઓ પેટે ૧૮૭૧.૭૮ કરોડ રૂપિયાની સહાય આપી છે.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૦૧માં જ્યારે ગુજરાતનું સુકાન સંભાળ્યું ત્યારે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ શરૂ કરાવીને કન્યા શિક્ષણની જ્યોત જગાવવા ગામેગામ જઈને શિક્ષણની ભિક્ષા માંગી હતી. અગાઉ ગુજરાતમાં ડ્રોપ આઉટ રેશિયો ૩૪-૩૮ ટકા જેટલો હતો, તે આજે ઘટીને માત્ર ૨ ટકા પર આવી ગયો છે. આજે રાજ્યની શાળાઓ 'મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ' હેઠળ સ્માર્ટ ક્લાસરૂમ અને ડિજિટલ લેબોરેટરી જેવી વર્લ્ડક્લાસ સુવિધાઓથી સજ્જ બની છે. જેથી વિદ્યાર્થીઓને ખૂબ જ સારું શિક્ષણ મળતું થયું છે.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, ગુજરાતના પનોતા પુત્ર અને વિશ્વનેતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'શિક્ષિત રાષ્ટ્ર'ના વિઝનને સાકાર કરવા રાજ્ય સરકાર મક્કમતાથી આગળ વધી રહી છે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં છેલ્લા ૧૧ વર્ષોમાં દેશના શિક્ષણક્ષેત્રે પણ આમૂલ પરિવર્તન આવ્યું છે.

દીકરીઓના સશક્તીકરણ વિશે જણાવતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, દીકરીઓનો અભ્યાસ આર્થિક સ્થિતિના કારણે અધૂરો ન રહે તે માટે રાજ્ય સરકારે સતત ચિંતા કરીને નમો લક્ષ્મી અને નમો સરસ્વતી જેવી મહત્વપૂર્ણ યોજનાઓ અમલી બનાવવામાં આવી છે. આ યોજનાઓના સફળ અમલીકરણથી શાળાઓમાં દીકરીઓની સંખ્યામાં ૬-૭ ટકાનો નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, ગુજરાત સતત પાંચ વર્ષથી સ્ટાર્ટઅપ રેકિંગમાં પણ પ્રથમ નંબરે છે, રાજ્ય સરકારે વિદ્યાર્થીઓને શાળા અભ્યાસકાળથી જ ઈનોવેશન માટે શ્રેષ્ઠ પ્લેટફોર્મ ઉપલબ્ધ કરાવ્યું છે.

તેમણે આ સંદર્ભમાં **SSIP 2.O** અન્વયે વિદ્યાર્થીઓના ઈનોવેટીવ પ્રોજેક્ટ્સ માટે પ્રોત્સાહન સહાયના ચેકનું વિતરણ પણ કર્યુ હતુ. આવા ૭૩૫ યુવા વિદ્યાર્થીઓને કુલ ૬૯.૬૯ લાખની સહાય અપાઈ છે.

મુખ્યમંત્રીશ્રીએ વિદ્યાર્થીઓને વડીલ વાત્સલ્ય ભાવે પ્રરણા આપતા કહ્યુ કે, વિદ્યાર્થીકાળમાં સોશિયલ મિડીયાનો મર્યાદિત સમય માટે ઉપયોગ થાય અને અભ્યાસ પર વધુ ધ્યાન કેન્દ્રીત થાય તેવું આચરણ બાળકોને કરવું જોઈએ.

શિક્ષણની વિવિધ યોજનાઓ અંતર્ગત રાજ્યના ૧૩ લાખથી વધુ વિદ્યાર્થીઓને રૂ. ૩૫૪ કરોડથી વધુની સહાય રકમ ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફરના માધ્યમથી આજે મુખ્યમંત્રીશ્રીના હસ્તે વિતરણ કરવામાં આવ્યું તે આ પારદર્શી સરકારનું એક વધુ પારદર્શિક પગલું છે? તેમ, શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ જણાવ્યું હતું.

મંત્રીશ્રીએ કહ્યું હતું કે, બાળકને સમાન અને વિશ્વસ્તરીય શિક્ષણ આપીને ગુજરાત વિકસિત ભારત@૨૦૪૭ના સ્વપ્નને સાકાર કરવા મજબૂત આધારસ્તંભ બન્યું છે. સ્ટાર્ટઅપ એટલે ઉદ્યોગ સાહાસિકતા-એન્ટરપ્રેન્યોરશિપની દિશામાં સતત પ્રયત્ન છે.

રાજ્યના જે ૭૩૫ સ્ટાર્ટઅપ ઈનોવેશન આઈડિયા પસંદ થયા છે અને તેના પર કામ કરવા છે એ તમામ ૧,૪૦૦થી વધારે વિદ્યાર્થીઓની સ્ટાર્ટઅપ સફર શરૂ થઈ ચૂકી છે. તેમણે કહ્યું કે, ગુજરાત એ એવું રાજ્ય બન્યું છે કે જે શાળા કક્ષાએ સ્ટાર્ટઅપ ઈનોવેશનના આઈડિયા પર રૂ. ૨૦ હજાર સુધીની ગ્રાન્ટ આપે છે જેનો મૂળ હેતુ શાળાથી જ વિદ્યાર્થીઓમાં ઉદ્યોગ સાહસિકતા પ્રત્યે રૂચિ વિકસાવવાનો છે.

મંત્રી ડૉ. વાજાએ કહ્યું હતું કે, નમો લક્ષ્મી યોજના અને નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના થકી છેલ્લા બે વર્ષમાં શાળામાં પ્રવેશ લેનાર વિદ્યાર્થીનીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે, જે આ યોજનાની સફળતા દર્શાવે છે. આ સફળતાને ધ્યાનમાં લઈ અને આગામી વર્ષમાં બંને યોજનાઓ માટે મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં સરકાર દ્વારા રૂ. ૧,૫૦૦ કરોડની બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે.

તેમણે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં અને રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે એક ક્રાંતિ આવી છે, ત્યારે શિક્ષણ એ માત્ર અભ્યાસ નથી પરંતુ વિદ્યાર્થીઓનું સ્વપ્નું છે.

મિશન સ્કૂલ ઓફ એક્સલન્સ સાથે અનેક સકારાત્મક અને પરિણામલક્ષી યોજનાઓ થકી લાખો વિદ્યાર્થીઓના અભ્યાસ અને જીવનમાં ગુણાત્મક પરિવર્તન આવી રહ્યું છે. શિક્ષણની ગુણવત્તા જળવાઈ રહે તે હેતુથી રાજ્યની પ્રાથમિક શાળાઓમાં અંદાજે ૧૨,૭૦૮ અને માધ્યમિકમાં ૯,૪૦૦ શિક્ષકોની ગત વર્ષમાં મેગા ભરતી કરવામાં આવી છે તેમ પણ તેમણે ઉમેર્યુ હતું.

મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં આજે સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને ગુજરાત સરકાર વિદ્યાર્થીઓના વર્ગખંડ સુધી લઈ ગઈ છે તે નવી પેઢી માટે ગૌરવ સમાન છે તેમ, જણાવી મંત્રીશ્રીએ સૌ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પ્રસંગે શાબ્દિક સ્વાગત કરતાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ વિભાગના અગ્ર સચિવ શ્રી મિલિંદ તોરવણેએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વ અને શિક્ષણ મંત્રીશ્રીના માર્ગદર્શનમાં શિક્ષણ વિભાગ માત્ર પુસ્તકીય જ્ઞાન જ નહીં, પરંતુ વિદ્યાર્થીઓને ઈનોવેશન અને મેરિટ દ્વારા ભવિષ્યના જવાબદાર નાગરિક તરીકે ઘડવાનું કાર્ય કરી રહ્યું છે.

### ડાંગ જિલ્લાના ખેડૂતો માટે મોટા સમાચાર

# ખેતીવાડી યોજનાઓ માટે ઓનલાઈન અરજી શરૂ

(સંપૂર્ણ સમાચાર સેવા)ડાંગ

ડાંગ જિલ્લાના ખેડૂતોને આધુનિક ખેતી તરફ પ્રોત્સાહિત કરવા અને આર્થિક સહાય પૂરી પાડવા માટે રાજ્યના ખેતીવાડી ખાતા દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. વર્ષ ૨૦૨૬-૨૭ માટે વિવિધ સહાય યોજનાઓનો લાભ લેવા માટે આગામી ૨૭ માર્ચથી ૨૬ એપ્રિલ ૨૦૨૬ સુધી **I-Khedut** પોર્ટલ ખુલ્લું મુકવામાં આવશે.

ડાંગ જિલ્લા ખેતીવાડી અધિકારી બાલુભાઈ પટેલના જણાવ્યા અનુસાર, ચાલુ વર્ષે કુલ ૪૨ જેટલા ખેતીવાડીના ઘટકો માટે સહાય યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે. જેમાં ખેડૂતો ઘણા સાધનો અને સુવિધાઓ માટે અરજી કરી શકશે.

ખેતીના સાધનોઃ કમ્બાઈન હાર્વેસ્ટર, રોટાવેટર, કલ્ટીવેટર, પાવર ટીલર, સબસોઈલર વગેરે.

પાયાની સુવિધાઓઃ ખેત તલાવડી, ગોડાઉન (ખેત સંગ્રહ સંરચના), તારની વાડ અને પમ્પસેટ.

આધુનિક ટેકનોલોજીઃ સોલાર પાવર યુનિટ, સ્માર્ટફોન સહાય અને માલ વાહક વાહન.

આધાર ઓથેન્ટિકેશન ફરજિયાતઆ વખતે અરજી પ્રક્રિયામાં પારદર્શિતા લાવવા માટે આધાર ઓથેન્ટિકેશન ફરજિયાત કરવામાં આવ્યું છે. ખેડૂતોએ પોર્ટલ પર અરજી કરતી વખતે **OTP** અથવા બાયોમેટ્રિક દ્વારા પોતાની ઓળખની ખરાઈ કરવાની રહેશે. જે ખેડૂતો પાસે આધાર લિંકડ મોબાઈલ નંબર હશે, તેઓ ઘરે બેઠા પણ અરજી કરી શકશે.

ડાંગ જિલ્લા ખેતીવાડી અધિકારી બાલુભાઈ પટેલે ડાંગના તમામ ખેડૂતોને વિનંતી કરી છે કે, તેઓ નિર્ધારિત સમયમર્યાદામાં ઓનલાઈન અરજી કરી દે. વધુ માહિતી માટે ગ્રામ સેવક, તાલુકા ખેતીવાડી અધિકારી અથવા જિલ્લા ખેતીવાડી કચેરીનો સંપર્ક કરી શકાય છે. ખેડૂતોએ પોતાના જરૂરી દસ્તાવેજો જેવા કે ૭-૧૨, ૮-અ ના ઉતારા અને બેંક પાસબુક સાથે અરજી કરવાની રહેશે.

## ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - શુક્રવાર, ૨૭/૦૩/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૫૧૩૭ | ૪૨૨.૦૦ | ૬૧૬.૦૦ |
| ૨ | મગફળી | ૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૫૦૦.૦૦ |
| ૩ | એરંડા | ૩૫૯ | ૧,૩૦૦.૦૦ | ૧,૩૦૯.૦૦ |
| ૪ | બાજરી | ૦ | ૪૦૦.૦૦ | ૪૪૫.૦૦ |
| ૫ | મકાઇ | ૯૦ | ૩૬૦.૦૦ | ૪૦૦.૦૦ |
| ૬ | ચણા | ૧૩૩ | ૧,૦૦૦.૦૦ | ૧,૦૫૦.૦૦ |
| ૭ | ચણા (કાબુલી ) | ૨૨૩ | ૧,૨૭૫.૦૦ | ૧,૮૫૨.૦૦ |
| ૮ | સોયાબીન | ૧૪ | ૯૭૦.૦૦ | ૧,૦૪૦.૦૦ |

મુનિમજી સોફ્ટવેર

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનાના વાયદામાં રૂ.૨૦૯૫, ચાંદીના વાયદામાં રૂ.૨૫૯૭ અને ક્રૂડ તેલના વાયદામાં રૂ.૨૦૨ની વૃદ્ધિ

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૦૪૮૫.૮૮ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૬૭૫૦૪.૭૮ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૨૨૬૨૭.૯૨ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૪૪૩૩ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૯૭૯૯૨.૯૪ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૦૪૮૫.૮૮ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૬૭૫૦૪.૭૮ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ એપ્રિલ વાયદો ૩૪૪૩૩ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૬૮૪.૬૨ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૨૬૨૭.૯૨ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૦૨૮૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૪૨૮૦૦ અને નીચામાં રૂ.૧૪૦૨૮૭ના મથાળે અથડાઈ, રૂ.૧૩૯૪૯૩ના આગલા બંધ સામે રૂ.૨૦૯૫ વધી રૂ.૧૪૧૫૮૮ થયો હતો. ગોલ્ડ-ગિની માર્ચ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૩૭૧ વધી રૂ.૧૧૩૮૫૦ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-પેટલ માર્ચ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૮૧ વધી રૂ.૧૪૩૦૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૩૦ વધી રૂ.૧૪૧૭૫૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૧૦૩૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૪૨૮૮૩ અને નીચામાં રૂ.૧૪૦૩૮૬ના સ્તરને સ્પર્શી, રૂ.૧૩૯૮૨૬ના આગલા બંધ સામે રૂ.૨૦૯૭ વધી રૂ.૧૪૧૯૨૩ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ.૨૨૪૨૪૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૨૭૯૦૧ અને નીચામાં રૂ.૨૨૨૩૦૦ના મથાળે અથડાઈ, રૂ.૨૧૯૮૭૪ના આગલા બંધ સામે રૂ.૨૫૯૭ વધી રૂ.૨૨૨૪૭૧ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.૨૦૩૪ વધી રૂ.૨૨૬૪૦૦ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.૨૧૮૧ વધી રૂ.૨૨૬૫૮૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. ૨૧૫૯.૭૦ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું માર્ચ વાયદો રૂ.૧૫.૩૫ વધી રૂ.૧૧૩૬.૫૫ના ભાવે બોલાયો હતો. જસત માર્ચ વાયદો ૬૦ પૈસા વધી રૂ.૩૦૮.૩૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ માર્ચ વાયદો રૂ.૨.૨ વધી રૂ.૩૩૫.૨ના સ્તરે પહોંચ્યો હતો. સીસું માર્ચ વાયદો રૂ.૧.૦૫ ઘટી રૂ.૧૯૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૫૬૪૮.૦૭ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી માર્ચ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૦૦૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૦૩૧ અને નીચામાં રૂ.૩૯૭૨ના સ્તરને સ્પર્શી, રૂ.૩૨ વધી રૂ.૪૦૧૬ થયો હતો. ક્રૂડ તેલ એપ્રિલ વાયદો બેરલદીઠ રૂ.૮૮૬૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૨૫૦ અને નીચામાં રૂ.૮૮૨૦ના સ્તરને સ્પર્શી, રૂ.૮૯૯૯ના આગલા બંધ સામે રૂ.૨૦૨ વધી રૂ.૯૨૦૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ-મિની એપ્રિલ વાયદો રૂ.૨૦૭ વધી રૂ.૯૨૦૬ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ એપ્રિલ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૮ વધી રૂ.૨૮૯.૧ થયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ વાયદો રૂ.૮.૨ વધી રૂ.૨૮૯.૪ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૯૯૩.૮ના ભાવે ખૂલી, રૂ.૫.૨ વધી રૂ.૧૦૧૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ.૨૪૫૦ના ભાવે ખૂલી, રૂ.૬ વધી રૂ.૨૪૫૮ના સ્તરે પહોંચ્યો હતો.


કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૫૯૭૮.૧૮ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૬૬૪૯.૭૪ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાના વાયદાઓમાં રૂ. ૧૭૬૯.૮૩ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૯૭.૬૩ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૧૪.૭૭ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૧૭૧.૬૭ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૩૭.૮૧ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૩૯૪૩.૯૦ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૬૬૬.૩૭ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૬.૭૦ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૨૨ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૮૧૩૨ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૫૫૦૫૫ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૭૩૨૬ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૫૭૯૩૫ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૫૮૭૩૫ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૬૯૧૦ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૧૯૩૦૦ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૭૬૦૧૦ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૨૭૫ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૦૬૦૫ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૫૫૫૭ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ એપ્રિલ વાયદો ૩૪૪૧૭ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૪૮૧૫ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૪૪૧૭ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૪૪ પોઈન્ટ વધી ૩૪૪૩૩ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૧૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૮.૫ વધી રૂ.૨૧૭.૧ થયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૪.૩ વધી રૂ.૨૧.૨૫ થયો હતો.

સોનું એપ્રિલ રૂ.૧૭૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૨.૫ વધી રૂ.૭૭૨.૫ થયો હતો. આ સામે ચાંદી એપ્રિલ રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૭૪ વધી રૂ.૧૬૪૩.૫ થયો હતો. તાંબું એપ્રિલ રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૭૩ વધી રૂ.૧૭.૦૪ થયો હતો. જસત એપ્રિલ રૂ.૩૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨ વધી રૂ.૪.૫ થયો હતો.




પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૮૭.૩ ઘટી રૂ.૭૯૩.૬ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૩.૩૫ ઘટી રૂ.૧૬.૩૫ના ભાવે બોલાયો હતો.

સોનું એપ્રિલ રૂ.૧૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૭ ઘટી રૂ.૪૨૭ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી એપ્રિલ રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૬૧.૫ ઘટી રૂ.૮૦૧૬.૫ થયો હતો. તાંબું એપ્રિલ રૂ.૧૧૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩.૨૫ ઘટી રૂ.૧૮.૩ના ભાવે બોલાયો હતો. જસત એપ્રિલ રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૬૬ પૈસા વધી રૂ.૧.૫ના ભાવે બોલાયો હતો.

---

### ૧૫ વર્ષથી જોડાયેલી મહિલા નેતાએ ભ્રષ્ટાચારથી કંટાળી ભાજપ છોડી : ગૌરી દેસાઈ AAP

## અમદાવાદ ઠક્કરબાપાનગરમાં ભાજપને મોટો ઝટકો, મહિલા મોરચા પ્રમુખ મનીષાબેન મુરારકા ૨૦૦થી વધુ મહિલાઓ સાથે AAPમાં જોડાયા

### મનીષાબેન મુરારકા સાથે સૈંકડો મહિલાઓએ ભાજપનો ત્યાગ કરી, આપ ને સાથ આપ્યોઃ ગૌરી દેસાઈ AAP

અમદાવાદ/ગુજરાત

અમદાવાદના ઠક્કરબાપા નગર વિધાનસભામાં ભાજપના ગઢમાં મોટું ગાબડું પડ્યું છે. ઈન્ડિયા કોલોની વોર્ડના ભાજપ મહિલા મોરચાના પ્રમુખ તેમજ જનરલ બોડીના મંત્રી મનીષાબેન મુરારકા અને સામાજિક આગેવાન ગોવિંદભાઈ ગોસ્વામી આજે ૨૦૦થી વધુ મહિલા કાર્યકરો સાથે ભારતીય જનતા પાર્ટી છોડીને આમ આદમી પાર્ટીમાં વિધિવત રીતે જોડાયા છે. આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપાધ્યક્ષ ગૌરી દેસાઈએ ખેસ પહેરાવી પાર્ટીમાં સ્વાગત કર્યુ હતુ. આથી પરિવર્તનની આ લહેર હવે અટકશે નહીં તેવી પ્રબળ રાજકીય સંકેત મળ્યો છે.

આ તકે આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપાધ્યક્ષ ગૌરી દેસાઈએ જણાવ્યું હતું કે ભાજપે ગુજરાત રાજ્યમાં ભ્રષ્ટાચાર કર્યો છે અને લોકો તથા કાર્યકરોના સપનાઓને તોડી નાખ્યા છે. કોઈપણ કાર્યકર જ્યારે ભાજપમાં જોડાય છે ત્યારે તેનો ઉદ્દેશ્ય સ્થાનિક પ્રશ્નોનું નિરાકરણ લાવવાનો હોય છે, પરંતુ આજે ભાજપ તેમાં નિષ્ફળ સાબિત થઈ છે. તેમણે વધુમાં જણાવ્યું કે અમદાવાદના ઠક્કરબાપા નગર વિધાનસભાના ઈન્ડિયા કોલોની વોર્ડમાંથી ભાજપમાં ૧૫ વર્ષથી સક્રિય રહેલા મનીષાબેન મુરારકા, જે મહિલા મોરચાના પ્રમુખ અને વોર્ડના મંત્રી તરીકે સેવાઓ આપી ચૂક્યા છે, તેમણે ભાજપના ખોટા વચનો અને ભ્રષ્ટ નીતિઓથી નિરાશ થઈ આમ આદમી પાર્ટીમાં જોડાવાનો નિર્ણય લીધો છે. મનીષાબેન મુરારકા છેલ્લા ૧૫ વર્ષથી ભાજપ સાથે જોડાયેલા રહ્યા છે અને મહિલા મોરચાના પ્રમુખ તરીકે તેમજ વોર્ડના મંત્રી તરીકે મહત્વપૂર્ણ જવાબદારીઓ નિભાવેલી છે. તેમ છતાં ભાજપ દ્વારા કરાયેલા વચનો લોકો સુધી પહોંચ્યા નથી અને હકીકતમાં ભ્રષ્ટાચાર જ જોવા મળ્યો છે. આથી તેમણે હવે ઈમાનદાર રાજકારણમાં વિશ્વાસ મૂકી આમ આદમી પાર્ટીમાં જોડાવાનું નક્કી કર્યું છે. AAP નેતા ગૌરી દેસાઈએ વધુમાં જણાવ્યું હતુ કે મનીષાબેન સાથે હજારો મહિલાઓનું મજબૂત સંગઠન જોડાયેલું છે અને તેઓ એનજીઓ મારફતે મહિલાઓના પ્રશ્નો માટે સતત કાર્યરત છે. આ તકે મનીષાબેન મુરારકા જણાવ્યું કે તેઓએ ભાજપમાં કામ કર્યું છતાં કાર્યકરો સાથે દગો થયો છે અને સ્થાનિક પ્રશ્નોનું નિરાકરણ મળ્યું નથી, જેના કારણે તેઓએ આ નિર્ણય લીધો છે. તેમણે આમ આદમી પાર્ટી પર વિશ્વાસ વ્યક્ત કર્યો અને કહ્યું કે આ પાર્ટી લોકો સાથે કરેલા વચનો પૂરા કરશે તેવો તેમને પૂર્ણ વિશ્વાસ છે. આમ આદમી પાર્ટીએ મનીષાબેન મુરારકા અને તેમની સાથે જોડાયેલા તમામ મહિલા કાર્યકરોનું સ્વાગત કર્યું છે અને વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે તેમના જોડાવાથી પાર્ટી વધુ મજબૂત બનશે તેમજ મહિલાઓના પ્રશ્નો માટે સશક્ત લડત આપવામાં આવશે.

---

## દિકરીને ફોન આવે અને દુર જઈને વાત કરે તો સમજવુ કંઈક ખોટુ છેઃ પાટણના કાર્યક્રમમાં આનંદીબેન પટેલે આપેલુ નિવેદન ચર્ચામાં રહ્યું

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ઉત્તર પ્રદેશના રાજયપાલ અને ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલે એક કાર્યક્રમ દરમિયાન સમાજની બદલાતી સ્થિતિ અને સંસ્કારો પર ખુલ્લેઆમ પ્રહારો કર્યા હતા. તેમણે વાલીઓને બાળકો પર ખાસ નજર રાખવા અને વૃધ્ધાશ્રમો વધવા પર ચિંતા વ્યકત કરી હતી. આનંદીબેને વાલીઓને ચેતવ્યા કે જો તમારી દિકરી અત્યાર સુધી તમારી પાસે બેસીને વાત કરતી હોય અને અચાનક બીજા રૂમમાં જઈને ધીરે થી વાત કરવાનુ શરૂ કરે તો સમજજો કંઈક ખોટુ છે. એક કથાના



કાર્યક્રમમાં આનંદીબેન પટેલે કહ્યુ હતુ કે હાલના સમયમાં આપણે આપણા દિકરા- દિકરીઓને સાચવવાની જરૂર છે, મારે તો બહેનોને ખાસ કહેવુ છે, તમારી નજર દિકરા-દિકરીઓ પર જ હોવી જોઈએ. હું શંકાની વાત નથી કરતી, તે કોઈની સાથે વાતચીત કરે તો તે મિત્ર હોઈ શકે, પણ મિત્ર-મિત્રમાં પણ ફરક હોઈ શકે, હું તમને એક ઉદાહરણ આપુ છું તમે ધ્યાનથી સાંભળજો, તેમણે ઉમેર્યુ કે તમારી દિકરી ૮ થી ૧૦ વરસની હોય અને તેને મામા-ભાઈ-કાકા કોઈ પણ સગા સંબંધીનો ફોન આવે ત્યારે તે તમારી સામે વાતો કરે છે. જે સ્વાભાવિક વાત છે , પરંતુ જે દિવસે તમારી દિકરીને કોઈનો કોલ આવે અને તે તમારા થી દુર જઈને વાત કરવાનુ શરૂ કરે ત્યારે તેના પર શંકા વ્યકત કરજો, કે અત્યાર સુધી તે મારી બાજુમાં બેસી વાત કરતી હતી અને હવે તે બાજુના રૂમમાં જઈને ધીરેથી કેમ વાત કરે છે ? કંઈક ખોટુ થઈ રહ્યુ છે, એટલા માટે જ ધ્યાન રાખજો કે તે ઘરમાં થી ભાગી ન જાય, સ્કુલોમાં થી ભાગી ન જાય,

આનંદીબેન પટેલે સમાજને આહવાન કર્યુ કે હવે લેઉઆ પટેલ લેઉઆ પટેલ નથી કરવાનુ, જુના સમયમાં પટેલ આખા ગામનુ નેતૃત્વ કરતા અને દરેક દિકરીને પોતાની દિકરી સમજતા, એવા નિષ્કપટ સમાજની આજે જરૂર છે. તેમણે કેન્સર જેવી બિમારીઓ સામે નવી વેકિસન અપાવવા અને બાળકોના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત રહેવા અપીલ કરી હતી. તેમણે કહ્યુ હતુ કે જો આપણે કાળજી રાખીએ તો હોસ્પીટલ જવાની જરૂર જ નહી પડે, અંતે તેમણે જણાવ્યુ હતુ કે મારી કથાઓમાં પોકસો એકટ, શિક્ષણ અને વેકિસન જેવી સામાજિક સુરક્ષાની વાતો જ મુખ્ય હોય છે.

---

## ગુજરાતમાં છેલ્લા પાંચ વરસમાં સરકારી કર્મચારીઓની ગેરરીતિ વધીઃ ૧૮૬૭ ને અલગ અલગ સજા : પાંચ વરસમાં ૩૦ ટકા કેસ વધ્યા

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની સરકારમાં છેલ્લા પાંચ વરસમાં ૩૦ ટકા કેસો ગેરરીતિના વધ્યા છે. તકેદારી આયોગના તાજેતરના રીપોર્ટ મુજબ ૨૦૨૦ થી ૨૦૨૪ સુધીના પાંચ વરસમાં ગુજરાતમાં વિવિધ વિભાગો-કચેરીઓના ૧,૮૬૭ સરકારી અધિકારી / કર્મચારીને ભ્રષ્ટાચાર અને ગેરરીતિ ને લઈને જુદી જુદી સજા કરવામાં આવી છે. જેમાં વર્ષ ૨૦૨૪ માં ૧૩૮ વર્ગ-૧ ના અધિકારી વિરૂધ્ધ સજાના ઓર્ડર કરવામાં આવ્યા હતા. ૨૪૬ અધિકારી / કર્મચારીનુ પેન્શન રોકી દેવામાં આવ્યુ હતું.



તકેદારી આયોગને ભ્રષ્ટાચાર અને ગેરરીતિ ને લઈને મળેલી ફરીયાદ બાદ આયોગ દ્વારા તપાસ શરૂ કરવામાં આવે છે. અને તબકકાવાર રીપોર્ટ મુકીને ફાઈનલ ઓર્ડર સાથે સરકારને જે તે અધિકારી કે કર્મચારી કે જે દોષિત ઠર્યા હોય તેઓની વિરૂધ્ધ શિક્ષાત્મક કાર્યવાહીની ભલામણ કરવામાં આવે છે. તકેદારી આયોગના ૨૦૨૪ ના રીપોર્ટ મુજબ ૨૦૨૦ થી ૨૦૨૪ ના કુલ પાંચ વરસમાં ગેરરીતિ અને ભ્રષ્ટાચારની ફરીયાદોમાં દોષિત ઠરેલા કુલ ૧૮૬૭ સરકારી અધિકારીઓ અને કર્મચારીઓને જુદી જુદી સજા આયોગના ઓર્ડર બાદ સરકારના જે તે વિભાગ દ્વારા કરવામાં આવી હતી. જેમાં ૨૦૨૪ માં વર્ગ ૧ ના ૧૩૮ અધિકારી વિરૂધ્ધ સજાના ઓર્ડર કરવામાં આવ્યા હતા અને ૨૦૨૦ થી ૨૦૨૪ ના વર્ષમાં વર્ગ ૧ થી લઈને વર્ગ ૩ ના ૨૪૬ સરકારી અધિકારીઓ અને કર્મચારીઓનુ પેન્શન રોકવાનો ઓર્ડર થયો હતો. મહત્વનુ છે કે પાંચ વરસમાં સૌથી વધુ ૪૮૬ સરકારી અધિકારી અને કર્મચારીઓને ૨૦૨૪ માં સજા માટેના ઓર્ડર કરવામાં આવ્યા હતા. તકેદારી આયોગના ૨૦૨૪ ના રીપોર્ટ અનુસાર, ૨૦૨૪ ના વર્ષ દરમિયાન કુલ ૧૩૮૨ સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ વિરૂધ્ધ જુદી જુદી ભલામણો કરાઈ હતી. જેમાં ૬૭૮ જાહેર સેવકો વિરૂધ્ધ ભારે શિક્ષાની કાર્યવાહીની તેમજ ૩ જાહેર સેવકો વિરૂધ્ધ પેન્શન કાપ ની કાર્યવાહીની અને લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો તથા અન્ય એજન્સીઓ તરફથી મળેલ અહેવાલ ની ચકાસણી કરીને ૨૯ જાહેર સેવકો વિરૂધ્ધ પ્રોસીકયુશન ની મંજુરી આપવાની એટલે કે ફોજદારી કેસની ભલામણ કરાઈ હતી. આ ઉપરાંત ૫૪ સરકારી કર્મચારીઓ વિરૂધ્ધ હળવી શિક્ષાની તથા ૩૦ કર્મચારી વિરૂધ્ધ વસુલાત જેવી અન્ય કાર્યવાહીની આયોગે સરકારને ભલામણ કરી હતી. પરંતુ ૫૮૮ સરકારી કર્મચારી સામેના આક્ષેપોમાં તથ્ય જણાતુ ન હોઈ તેઓ સામેના પ્રકરણો દફતરે કરવા આયોગે ભલામણ કરી હતી.

---

## ધારાસભ્ય માવજી દેસાઈનો મુખ્યમંત્રીને પત્રઃ રબારી, ભરવાડ અને ચારણ સમાજને અનુસુચિત જનજાતિના દરજ્જામાં યથાવત રાખવા કરી વિનંતી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત રબારી સમાજના એક માત્ર ધારાસભ્ય માવજીભાઈ દેસાઈ દ્વારા ગીર, બરડા અને આલેચના જંગલોના નેસ વિસ્તારમાં વસવાટ કરતા માલધારી સમાજ (રબારી, ભરવાડ, ચારણ) સમાજના લોકોને અનુસુચિત જનજાતિમાં યથાવત રાખવા મુખ્યમંત્રીને પત્ર લખવામાં આવ્યો છે. તેમણે પત્રમાં લખ્યુ છે કે માનનીય મુખ્યમંત્રી, ગીર, બરડા અને આલેય ના જંગલોના નેસ વિસ્તારોમાં દાયકાઓથી વસવાટ કરતા રબારી, ભરવાડ અને ચારણ સમાજોનુ જીવન આજે પણ સંપૂર્ણપણે પ્રકૃતિ અને પરંપરાગત પશુપાલન પર આધારીત રહ્યુ છે. આ તમામ સમાજો વરસો થી અત્યંત કઠીન ભૌગોલીક પરીસ્થિતિઓમાં વસવાટ કરી રહ્યા છે અને ઋતુ પ્રમાણે પશુધનના નિર્વાહ માટે હિઝરત કરતા રહ્યા છે. સંઘર્ષમય જીવન પસાર કરી રહ્યા છે. રબારી, ભરવાડ અને ચારણ સમાજોની




સામાજિક, આર્થિક અને શૈક્ષણિક પછાત અવસ્થાને ધ્યાને રાખીને જ ૧૯૫૬ થી ભારત સરકાર દ્વારા તેમને અનુસુચિત જનજાતિ (એસટી) નો દરજ્જો આપવામાં આવ્યો હતો. હાલમાં આ દરજ્જો દુર કરવાની અથવા તેમાં ફેરફાર કરવાની હિલચાલને કારણે આ પછાત પશુપાલક સમાજોમાં ભારે ચિંતા અને અસંતોષ નો માહોલ જોવા મળી રહ્યો છે. આ સમાજોનો વિકાસ હજુ પણ પ્રાથમિક તબકકે છે અને જો આ બંધારણીય રક્ષણ પાછુ ખેંચવામાં આવશે તો તેમની સામાજિક સુરક્ષા અને મુળભુત વિકાસના માર્ગ પર ખુબ ગંભીર નકારાત્મક અસરો પડશે અને સાથે સાથે સમગ્ર ગુજરાત રાજયના માલધારી સમુદાય (રબારી, ભરવાડ, ચારણ) સમાજો ઉપર પણ આ નિર્ણયની ગંભીર અસર પડશે.

ભુતકાળમાં નામદાર હાઈકોર્ટ દ્વારા પણ રાજય સરકારને આ પ્રકારના સંવેદનશીલ મુદ્દાઓ અંગે ખુબ જ સાવચેતી પૂર્વક અને માનવીય અભિગમ સાથે નિર્ણય લેવા યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું. સાથોસાથ રાજય સરકાર દ્વારા રચાયેલા વિવિધ જયુડીશીયલ કમિશનોએ પણ તેમના અહેવાલોમાં આ તમામ સમાજોની વિશિષ્ટ પરંપરાઓ અને મુશ્કેલીઓનુ વિગતવાર વર્ણન કરી તેમના મુળભુત હક્કો ના રક્ષણ માટેની મજબુત ભલામણો રજુ કરી હતી. આથી આપ સાહેબને નમ્ર વિનંતી કરૂ છુ કે નામદાર હાઈકોર્ટના નિર્દેશો અને જયુડીશીયલ કમિશનોના હકારાત્મક અહેવાલોને ધ્યાને રાખી ગીર, બરડા અને આલેચના જંગલોના નેસ વિસ્તારોમાં દાયકાઓથી વસવાટ કરતા રબારી, ભરવાડ અને ચારણ સમાજોના બંધારણીય હક્કો નુ રક્ષણ થાય અને તેમને મળેલ અનુસુચિત જનજાતિનો દરજ્જો યથાવત રાખવામાં આવે તેવો ન્યાય સંગત અને સંવેદનશીલ નિર્ણય લેવા વિનંતી કરૂ છું.

---

## ૨૯ માર્ચથી અમદાવાદની તમામ ફલાઈટ્સ ટર્મિનલ-૨ પરથી ઉડાન ભરશે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

એર ઈન્ડિયાએ આજે(૨૭ માર્ચ) જાહેરાત કરી છે કે, અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર તેની તમામ ડોમેસ્ટિક ફલાઈટ્સની કામગીરી ૨૯ માર્ચ, ૨૦૨૬થી ટર્મિનલ-૧ પરથી ટર્મિનલ-૨ પર સ્થાનાંતરિત કરવામાં આવશે. આ ફેરફારમાં અમદાવાદથી આવતી-જતી એર ઈન્ડિયાની સાપ્તાહિક ૨૧૦ ડોમેસ્ટિક ફલાઈટ્સનો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે, એરલાઈનની ઈન્ટરનેશનલ ફલાઈટ્સનું સંચાલન તો અગાઉથી જ ટર્મિનલ-૨ પરથી થઈ રહ્યું છે, હવે ડોમેસ્ટિક ફલાઈટ્સ પણ ત્યાંથી જ ઓપરેટ થશે. ૨૯ માર્ચથી એર ઈન્ડિયાની તમામ ફલાઈટ્સનું આગમન અને પ્રસ્થાન ફક્ત ટર્મિનલ-૨ પરથી જ થશે. મુસાફરોના એરપોર્ટ અનુભવને બહેતર બનાવવાના હેતુથી આ નિર્ણય લેવાયો છે. ૪૯,૦૦૦ ચોરસ મીટરમાં ફેલાયેલું ટર્મિનલ-૨ આધુનિક સુવિધાઓ જેવી કે ૫૨ ચેક-ઈન કાઉન્ટર, સેલ્ફ-બેગેજ ડ્રોપ કિઓસ્ક, ડિજીયાત્રા, અને અનેક રિટેલ-ફૂડ આઉટલેટ્સથી સજ્જ છે.

મુસાફરોને કોઈ અસુવિધા ન થાય તે માટે એર ઈન્ડિયા દ્વારા SMS અને ઈ-મેઈલ મારફતે જાણ કરવામાં આવી રહી છે. મુસાફરોને એરપોર્ટ પહોંચતા પહેલા પોતાના ટર્મિનલની વિગત ફરી એકવાર ચકાસી લેવા સલાહ આપવામાં આવી છે.

**પશ્ચિમ રેલ્વે - રતલામ**

**S&T સામગ્રીનો પુરવઠો, સ્થાપન, પરીક્ષણ અને કમિશનિંગ**

ટેન્ડર નંબરઃ SnT_RTM_26_07_SIGNAL. તારીખઃ 25.03.2026. ડિવિઝનલ રેલ્વે મેનેજર (S&T), પશ્ચિમ રેલ્વે, રતલામ દ્વારા નીચેના કામ માટે ઇ-ટેન્ડર મંગાવવામાં આવે છે. કામનું નામઃ રતલામ ડિવિઝન નીમચ-ચિત્તોડગઢ ડબલ લાઇન સેક્શન પર શંભુપુરા-ગંભીરી રોડ સ્ટેશનો વચ્ચે ઇન્ટરમીડિયેટ બ્લોક સિગ્નલિંગ (IBS) ની જોગવાઈના બાકીના કામ માટે S & T સામગ્રીનો પુરવઠો, સ્થાપન, પરીક્ષણ અને કમિશનિંગ. ₹10,485,790.32/-, કમાણીઃ ₹209,800.00/-, ટેન્ડર બંધ થવાનો સમય અને તારીખઃ 20/04/2026 ના 15:00 કલાક સુધી. ટેન્ડર ખોલવાનો સમય અને તારીખઃ 20/04/2026 ના 15:30 કલાક પછી. પૂર્ણતા સમયગાળોઃ 09 મહિના. ટેન્ડર વિભાગ ઓફિસ ઇન્ચાર્જ અને બિડ ખોલવાનું સ્થળઃ કમિશનિંગ. કામનો અંદાજિત ખર્ચઃ વરિષ્ઠ DSTE રતલામ, DRM ઓફિસ રતલામ M.P. ટેન્ડર ફક્ત ઓનલાઈન ઈ-ટેન્ડરિંગ પોર્ટલ www.ireps.gov.in દ્વારા જોઈ અને સબમિટ કરી શકાય છે.

SNP-521

અમને ફોલો કરોઃ x.com/WesternRly

## કાઠડા ત્રણ રસ્તા પાસે કારમાં ગાંજો લઈ જતો શખ્સ આખરે ઝડપાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)કચ્છ

કચ્છમાં માદક પદાર્થોના વેચાણ અને હેરાફેરીને રોકવા માટે પોલીસ પ્રશાસન સતર્ક બન્યું છે. પશ્ચિમ કચ્છ એસઓજી પોલીસની ટીમે બાતમીના આધારે કાર્યવાહી કરીને કાઠડા ત્રણ રસ્તા પાસે નશીલા પદાર્થ 'ગાંજા' ના જથ્થા સાથે એક શખ્સને ઝડપી પાડ્યો છે. એસઓજી પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે એક ઈસમ કારમાં માદક પદાર્થની હેરાફેરી કરી રહ્યો છે. પોલીસે કાઠડા ત્રણ રસ્તા પાસે વોચ ગોઠવીને શંકાસ્પદ કારને અટકાવી તલાશી લીધી હતી. આ તપાસ દરમિયાન કારમાંથી ૧.૩૨૧ કિલોગ્રામ ગાંજો મળી આવ્યો હતો.

---

### મદ્રેસામાં થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો

## મદ્રેસામાં ૭.૫૦ લાખની ચોરીનું પાપ છુપાવવા આગ લગાવી

(સંપૂર્ણ સમાચાર સેવા) સુરત

ઉન-ભેસ્તાન રોડ પર આવેલી એક મદ્રેસામાં થયેલી મોટી ચોરી અને આગજનીની ઘટનામાં સુરત પોલીસે મોટી સફળતા મેળવી છે. ગણતરીના કલાકોમાં જ પોલીસે આ સમગ્ર કાંડનો પર્દાફાશ કરી દીધો છે. ચોંકાવનારી વાત એ છે કે, આ ગુનામાં પકડાયેલો આરોપી બીજું કોઈ નહીં પણ તે જ મદ્રેસામાં સાફ-સફાઈની સેવા આપતો અબ્દુલ સમદ છે. આરોપી અબ્દુલ સમદ મદ્રેસાની તમામ ગતિવિધિઓથી વાકેફ હતો. તેણે મદ્રેસાની ઓફિસને નિશાન બનાવી હતી અને ડોનેશન (દાન) પેટે ભેગા થયેલા રૂપિયા ૭.૫૦ લાખની મોટી રકમની ચોરી કરી હતી. ચોરી કર્યા બાદ પોતે પકડાઈ ન જાય અને પુરાવા નષ્ટ થઈ જાય તે હેતુથી તેણે ઓફિસમાં રાખેલા મહત્વના દસ્તાવેજો અને ફાઈલોને આગ ચાંપી દીધી હતી. ચોરી અને આગની ઘટના બાદ વિસ્તારમાં ભારે ચકચાર મચી હતી. પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન મદ્રેસામાં લાગેલા સીસીટીવી ફૂટેજ ચેક કરતા અબ્દુલ સમદ શંકાસ્પદ હાલતમાં જોવા મળ્યો હતો. ફૂટેજના આધારે પોલીસે કડક પૂછપરછ હાથ ધરતા તેણે પોતાનો ગુનો કબૂલી લીધો હતો.સુરત પોલીસે આરોપી અબ્દુલ સમદની ધરપકડ કરી તેની પાસેથી ચોરી કરેલી રકમ રિકવર કરવાની તજવીજ હાથ ધરી છે.વિશ્વાસઘાત અને ચોરીના આ કિસ્સાએ સ્થાનિકોમાં ભારે આશ્ચર્ય જગાવ્યું છે. પોલીસે હાલ આરોપી વિરુદ્ધ ચોરી અને આગજનીના ગુના હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી જેલભેગો કર્યો છે.

# દેશભરની જેલોમાં કેદીઓની દયનિય સ્થિતિથી સુપ્રીમ કોર્ટ લાલઘૂમ

(છગનલાલ મેવાડા ધ્વારા)

દેશભરની જેલોમાં જેલની ક્ષમતા કરતાં વધુ કેદીઓની સંખ્યા અને અમાનવીય સ્થિતિ અંગે કડક વલણ અપનાવી ને સુપ્રીમ કોર્ટે તમામ રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ૧૮ મે,૨૦૨૬ સુધી જેલો અંગેની સર્વગ્રાહી તાજી માહિતી સુપરત કરવાનો આદેશ આપ્યો હતો.

સર્વોચ્ચ અદાલતે મહિલા જેલોની સંખ્યા અને તેમના માટે ઉપલબ્ધ સુવિધા અંગેની પણ માહિતી માંગી છે. સુપ્રીમ કોર્ટે જેલોમાં અમાનવીય સ્થિતિ અંગે સુઓ-મોટો કેસની સુનાવણી કરતાં આ આદેશ જારી કર્યો હતો.

આ કેસમાં એમિકલ ક્યુરી( ભાવનાત્મક ઉપચાર, ભાવનાત્મક તણાવ, ચિંતા અથવા ડિપ્રેશન જેવી સમસ્યાઓનો સામનો કરવા માટે થાય છે.) તરીકે કોર્ટને મદદ કરી રહેલા સિનિયર એડવોકેટ ગૌરવ અગ્રવાલે ધ્યાન દોર્યું હતું કે રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ રેકોર્ડમાં મૂકેલા આંકડા છેક ૨૦૨૩ ના છે જે હવે જૂના થઈ ગયા છે.

આ રજૂઆતની નોંધ લઈને કોર્ટે જણાવ્યુ કે આ મુદ્દાની ગંભીરતા અને યોગ્ય નિરાકરણ માટે તાજા અને સચોટ આંકડાઓ અનિવાર્ય છે. તેથી તમામ રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોને તેમના અધિકારક્ષેત્રમાં આવેલી તમામ જેલોની અપડેટેડ અને વિગતવાર માહિતી રજૂ કરવાનો આદેશ આપવામાં આવે છે. આ આંકડાઓમા દરેક જેલની મંજૂર ક્ષમતા, કુલ કેદીઓની સંખ્યા,ક્ષમતા કરતાં વધુ કેદીઓની ટકાવારી, તેને ઘટાડવા માટેના પગલાં, મહિલાઓની જેલોની વિગતો, મહિલા કેદીઓ અને તેમના બાળકો માટેની સુવિધાઓ (શૈક્ષણિક અને આરોગ્ય સહિત) જેલ સ્ટાફની મંજૂર સંખ્યા, ખાલી જગ્યાઓ અને તેને ભરવા માટેના પ્રયાસો સહિતની તમામ માહિતી સામેલ કરવાની રહેશે. કોર્ટે એ સ્પષ્ટ કર્યું હતું કે ૧ લી માર્ચ,૨૦૨૬ ની સ્થિતિ મુજબ દરેક જેલની ક્ષમતા અને કેદીઓની સંખ્યા દર્શાવતી સંપૂર્ણ વિગતો રજૂ કરવી પડશે. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ ૧૮ મે સુધીમાં ગ્રહસચિવના સર્વગ્રાહી સોગંધનામા દાખલા કરવા પડશે. જેમાં જરૂરી વિગતો પૂરી પાડવાની રહેશે. સર્વોચ્ચ અદાલતે આ મામલાની વધુ સુનાવણી ૨૬ મે એ નિર્ધારિત કરી હતી.

રાજકીય નિરિક્ષકોનુ માનવું છે કે ગત ચુંટણીઓ કરતા ૭થી ૧૦ ટકા મત વધુ મળે તો આપ સર્વત્ર દેખાશે

# ગુજરાતમાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીઓમાં આપ કાઠું કાઢશે

**રાજકોટ સહિતની પાલિકાઓમાં આપનો દબદબો ચોક્કસ વધશે- કોંગ્રેસ દ્વિતીય ક્રમે – આપના નેતાઓના વધેલા આંટાફેરા ચિત્ર બદલવા માટે પૂરતા છે**

અમદાવાદ, તા. ૨૭

ગુજરાતમાં આગામી દિવસોમાં વિવિધ જીલ્લા પંચાયતો અને મહાનગરપાલિકાઓમાં ચુંટણીના બ્યુગલ ફૂંકવાની ઘડીઓ હવે ગણાઈ રહી છે. એકાદ બે દિવસમાં જ સ્થાનિક સ્વરાજયની આ ચુંટણીઓની તારીખો જાહેર થવાની છે વિવધ રાજકીય પક્ષોના ઉમેદવારો પણ મેદાનમાં આવી ચુક્યા છે. જો કે આ વખતની ચુંટણી છેલ્લા વર્ષોમાં રહી છે તેટલી આસાન ભાજપ માટે રહે તેવી કોઈ શક્યતા જણાતી નથી. તેવી જ રીતે આપની આક્રમકતા જોતા કોંગ્રેસ પક્ષ દ્વિતીય ક્ક્ષાએ રહેવાના બદલે તૃતીય કક્ષાએ ધકેલાઈ જાય તેવી શક્યતાઓ દેખાઈ રહી છે.

મળતી આધારભૂત માહિતી પ્રમાણે જો પાંચ વર્ષ પૂર્વે યોજાયેલી ચુંટણીઓના આંકડાઓ ઉપર ફરીવાર એક નજર નાખવામાં આવે તો આપે હવે મેદાન સર કરવું કોઈ અઘરી બાબત નથી. કારણ કે, જો રાજકોટ મહાનગર પાલિકાના આંકડાઓ ઉપર નજર નાખવામાં આવે તો આ બાબત સ્પષ્ટ રીતે ઉડીને આંખે વળગી આવે એવી સ્વયં સ્પષ્ટ છે.

રાજકીય પંડિતોના મતને ધ્યાનમાં લેવામાં આવે તો છેલ્લા કેટલાય વર્ષોથી સ્થાનિક કક્ષાએ ભાજપ સત્તા ઉપર હોવાના એન્ટી ઈમ્કમ્બંસી એટકે કે ઘણા મોટા પ્રમાણમાં લોકોમાં નારાજગી પ્રસરી રહી છે. બીજી બાબત એ છે કે ભાજપના કાર્યકરો જેટલા સક્રિય છે તેના કરતા અનેકગણી આક્રમકતા આપના કાર્યકરોમાં દેખાઈ રહી છે. જયારે ,કોંગ્રેસ તો ક્યાય હજુ સુધી આખાય પિકચરમાં દેખાતી જ નથી. જેના કરને હાલને તબક્કે ભાજપનો સીધો મુકાબલો આપની સામે જ હોય તેવું ચિત્ર સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

રાજકોટના મીડિયા જગતના અગ્રણીઓના જણાવ્યા મુજબ આગામી મહાનગર પાલિકાની ચુંટણીઓ દરમિયાન રાજકોટ પાલિકાના ઈતિહાસમાં સૌપ્રથમવાર મોટો પડકાર ઉભો થાય તેવા સ્પષ્ટ સંજોગો દેખાઈ રહ્યા છે. વશ ૨૦૨૧મા યોજાયેલી ચુંટણીઓ કરતા આ વખતની ચુંટણીઓમાં જો આપ સાતથી દસ ટકા મત વધુ લઈ જાય તો રાજકોટ પાલિકામાં પોતાનું ખાતું શ્રેષ્ટ રીતે ખોલવા માટે સક્ષમ બની શકે તેમ છે. કારણ કે ગત ચુંટણીઓમાં એક બે નહિ પરંતુ છ વોર્ડમાં ભાજપની સામે આપ બીજા ક્રમનો પક્ષ બન્યો હતો.

સૌથી વધુ નોધપાત્ર બાબત એ છે કે, મહાનગર પાલિકાની ચુંટણીમાં પ્રથમવાર ઝૂકાવવા છતાં આપે સાડા ત્રણ લાખ જેટલા મત મેળવ્યા હતા. જોવા જઈએ તો ૨૦૨૧ની ચુંટણીમાં વોર્ડ નંબર-૧મા કોંગ્રેસના ઉમેદવારને ૧૩,૮૮૮ અને આપના ઉમેદવારને ૨૧,૪૨૧ જેટલા મત મળ્યા હતા. તેવી જ રીતે વોર્ડ નંબર-૪મા પણ કોંગ્રેસને ૨૭૩૯૧ની સામે આપના ઉમેદવારને ૩૨૦૪૪ મત મળ્યા હતા. જયારે વોર્ડ નંબર ૮માં કોંગ્રેસના ઉમેદવારને ૧૬.૧૯૪ સામે આપના ઉમેદવારને ૨૬,૫૨૨ મત મળ્યા હતા.

આજ રીતે રાજકોટ મહાનગર પાલિકાના વોર્ડ નંબર ૯મા કોંગ્રેસને ૨૧,૪૬૬નિ સામે આપને ૨૧,૬૫૪, વોર્ડ નંબર ૧૧માં કોંગ્રેસના ઉમેદવારને મલેલા૨૬,૩૯૩ મતની સામે આપને ૩૧,૪૧૨ અને વોર્ડ નંબર ૧૪માં કોંગ્રેસના ઉમેદવારને મળેલા ૧૬,૧૧૮ મતની સામે આપના ઉમેદવારને ૨૧,૪૬૧ મત મળ્યા હતા. તેથી જો આગામી ચુંટણીઓમાં મતદાનની સંખ્યા વધે અને તેની ટકાવારી ઉંચી જાય તો સીધી ટક્કર ભાજપ અને કોંગ્રસના બદલે આપ અને ભાજપની વચ્ચે થવાની પૂરી શક્યતાઓ વર્તાઈ રહી છે. વર્ષ ૨૦૨૧ની ચુંટણીઓમાં ભાજપે ૧૦,૬૩,૪૬૬ મત મેળવ્યા હતા જયારે કોંગ્રેસે ૪,૮૨,૮૬૫ અને આપે ૩,૪૫,૪૬૬ મત મેળવ્યા હતા. વર્ષો જૂની કોંગ્રેસ પાર્ટીની સામે આપે પ્રથમ વાર ચુંટણી લડવા સાથે સારું એવું કાઠું કાઢ્યું હતું. જયારે આ વખતે તેની આક્રમકતા અત્યારથી જ દેખાઈ રહી છે જેની સાથે સાથે કોંગ્રેસ કાર્યકરોની નિષ્ક્રિયતા પણ ઉડીને આંખે વળગે તેવી છે. આ સમગ્ર બાબતને જોતા તેમજ રાજયની અન્ય મહાનગર પાલિકાઓની સ્થિતિ જોતા આપના કાર્યકરોમાં રહેલો થનગનાટ ચુંટણીનાં પરિણામો બદલી નાખે તો નવી પામવા જેવું નહિ રહે.

ગુજરાતમાં પણ મફત વીજળી, શિક્ષણ અને રોજગાર જોઈએ તો ઝાડૂ ચલાવોઃ કેજરીવાલ

# "ભાજપ-કોંગ્રેસે ૩૦ વર્ષ મળીને ગુજરાત અને આદિવાસીઓને લૂંટી લીધા, અત્યાચાર કર્યો": દાહોદમાં ગર્જ્યા કેજરીવાલ



અમદાવાદ/દાહોદ/ભરૂચ

આમ આદમી પાર્ટી દ્વારા દાહોદ જિલ્લાના લીમખેડા ખાતે ભવ્ય 'વિજય વિશ્વાસ સભા'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલજી અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનજી સહિત ગુજરાત પ્રદેશ પ્રભારી ગોપાલ રાયજી, સહ પ્રભારી દુર્ગેશ પાઠક, સહ પ્રભારી ગુલાબ સિંહ યાદવ, પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, ધારાસભ્ય ચૈતર વસાવા, યુવા નેતા યુવરાજસિંહ જાડેજા, ઈસ્ટ ઝોન ઇન્ચાર્જ અશોક ઓઝા, ઈસ્ટ ઝોન સંગઠન મંત્રી નરેશ બારીયા સહિત પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં દાહોદ તથા આસપાસના વિસ્તારના સ્થાનિક ખેડૂતો, મજૂરો, યુવાનો, મહિલાઓ સહિત હજારોની સંખ્યામાં તમામ જાતિ-ધર્મ અને વર્ગના લોકો સ્વયંભૂ ઉપસ્થિત રહ્યા હતા.

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલજીએ દાહોદના લિમખેડામાં યોજાયેલી સભામાં હાજર હજારો લોકો સમક્ષ પોતાની વાત રાખતાં કહ્યું કે, છેલ્લા ૩૦ વર્ષમાં ભાજપે, કોંગ્રેસ સાથે મળીને ગુજરાતને લૂંટી લીધું, પરંતુ તેમાં પણ સૌથી વધુ આદિવાસી લોકોને લૂંટી લીધા અને સૌથી વધુ આદિવાસી સમાજ પર અત્યાચાર કર્યો. તમારા બાળકો મોટા થાય છે પરંતુ તેમના માટે શિક્ષણની વ્યવસ્થા નથી, નોકરી નથી, તો તેઓ ખેતરમાં કામ કરે છે અને તેમણે ખેડૂતોની સ્થિતિ પણ ખૂબ ખરાબ બનાવી દીધી છે. કેન્દ્ર સરકાર અને રાજય સરકાર આદિવાસી સમાજ માટે અબજો રૂપિયા મોકલે છે, પરંતુ પ્રશ્ન એ છે કે આ પૈસા ક્યાં જાય છે? તો જવાબ એ જ છે કે આ બધા પૈસા ભાજપ અને કોંગ્રેસના લોકોના ખિસ્સામાં જાય છે. મનરેગામાં કામ કરતા ગરીબોના પૈસા પણ આ લોકોએ ખાઈ લીધા. અને જયારે અમારા ધારાસભ્ય ચૈતર વસાવાએ તેના વિરુદ્ધ અવાજ ઉઠાવ્યો તો તેમને જેલમાં નાખી દીધા. જેણે ચોરી કરી તે મંત્રીને જેલમાં નાખ્યો નહીં કારણ કે તે ઉપર સુધી પૈસા પહોંચાડે છે. ક્લાર્કથી લઈને મંત્રી સુધી દરેક વ્યક્તિ પૈસા ખાઈ રહ્યા હતા પરંતુ કોઈને જેલ થઈ નહીં, પરંતુ અવાજ ઉઠાવનાર ચૈતરભાઈને ૩ મહિના સુધી જેલમાં નાખી દીધા. તેઓ પોતાના પત્ની-બાળકો માટે જેલમાં ગયા નહોતા પરંતુ તેઓ તમારા માટે જેલમાં ગયા હતા. આગળ અરવિંદ કેજરીવાલજીએ કહ્યું કે, નળથી જળ યોજના માં કરોડો રૂપિયાનું ફંડ આવતું હતું પરંતુ શું કોઈના ઘરમાં પાણી આવ્યું? પાણી પણ આવ્યું નહીં તેનો અર્થ એ છે કે આ લોકોએ તમારા બધા પૈસા ખાઈ લીધા. આવી કેટલીય યોજનાઓના પૈસા આવે છે અને તે પૈસા જનતા સુધી પહોંચતા નથી, તે બધા પૈસા આ લોકો ખાઈ જાય છે. તમારા મતથી આ લોકો ધારાસભ્ય બની જાય છે અને તેમના બાળકો વિદેશમાં અભ્યાસ કરે છે જયારે તમારા બાળકો માટે સરકારી શાળા પણ નથી. જે સરકારી શાળાઓ છે તે પણ તૂટી પડેલી છે, શિક્ષકો આવતા નથી. પછી આ લોકો પોતાના જ બાળકોને ચૂંટણી વખતે ધારાસભ્યની ટિકિટ પણ આપી દે છે. પરંતુ તમારા બાળકોનું કોઈ ભવિષ્ય નથી. આ લોકોએ તમારું જળ, જંગલ, જમીન છીનવી લીધી, તમને પોલીસ હેરાન કરે છે, ફોરેસ્ટ વિભાગના લોકો હેરાન કરે છે, આજે સૌથી વધુ FIR આદિવાસી લોકો સામે થાય છે. આગળ અરવિંદ કેજરીવાલજીએ કહ્યું કે, પંજાબમાં પણ પહેલા આવી જ સ્થિતિ હતી. ત્યાં ૫ વર્ષ કોંગ્રેસની સરકાર રહેતી હતી, ૫ વર્ષ અકાલી દળની સરકાર રહેતી હતી અને આ બંને મળીને લોકોને લૂંટી રહ્યા હતા. જેના કારણે લોકો કંટાળી ગયા હતા અને પછી પંજાબમાં એક નવી પાર્ટી આવી, ઝાડૂવાળી આમ આદમી પાર્ટી. પછી લોકોએ ઝાડૂ ચલાવ્યુઅને જૂની પાર્ટીઓને ઉખેડીને ફેંકી દીધી. ૨૦૨૨ની ચૂંટણીમાં ૧૧૭માંથી ૯૨ સીટો આમ આદમી પાર્ટીને મળી. હું અહીં કોઈ ખોટા વચનો આપવા આવ્યો નથી પરંતુ હું એટલું જ કહેવા આવ્યો છું કે અમે પંજાબમાં શું કર્યું અને જે અમે પંજાબમાં કર્યું છે તે જ કામ અમે ગુજરાતમાં પણ કરી શકીએ છીએ. પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન ખેડૂતના દીકરા છે. સૌપ્રથમ અમે પંજાબના ખેડૂતો માટે ખેતીની વીજળી મફત કરી દીધી. જો ગુજરાતમાં પણ ખેડૂતોને મફત વીજળી જોઈએ તો આમ આદમી પાર્ટીનું ઝાડૂ ચલાવો અને ભાજપને હટાવો. પંજાબમાં અમારી સરકાર આવવા પહેલા રાત્રે ૨:૦૦ વાગ્યે ખેતીની વીજળી આવતી હતી. પરંતુ અમારી સરકાર આવ્યા પછી અમે ખેતરમાં દિવસે ૮ કલાક વીજળી આપવાની શરૂઆત કરી. પહેલા ખેડૂતોને પાક વેચ્યા પછી ચાર-ચાર મહિના સુધી ચુકવણી મળતી નહોતી અને આજે અમારી સરકાર સવારે પાક ખરીદી લે છે અને સાંજે ખેડૂતોના ખાતામાં પૈસા મોકલી દે છે. મને કહેવામાં આવ્યું છે કે ગુજરાતમાં પણ ખેડૂતોને ઘણા મહિના સુધી પાકના પૈસા મળતા નથી. મને આ પણ કહેવામાં આવ્યું કે ગુજરાતની સરકાર કેટલાક ખેડૂતોની પાક ખરીદે છે અને કેટલાકની ખરીદતી નથી, પરંતુ પંજાબમાં અમારી સરકાર ખેડૂતોની આખો પાક ખરીદી લે છે. ૩૦ વર્ષથી આ લોકોએ તમને સિંચાઈનું પાણી આપ્યું નથી, હજુ વધુ ૩૦ વર્ષ પણ તેમને આપશો તો પણ તેઓ તમને સિંચાઈનું પાણી આપશે નહીં કારણ કે તેમની નીતિ જ એવી નથી, તેમને તો માત્ર લૂંટતા જ આવડે છે. હું માત્ર એટલું કહું છું કે ફક્ત એક વખત આમ આદમી પાર્ટીને તક આપીને જુઓ.

# નવસારી જિલ્લાના જલાલપોરના ૩૩ બળવાખોર ભાજપ નેતાઓના રાજીનામા સ્વીકારાયા




પ્રતિનિધિ,ગાંધીનગર

નવસારી જિલ્લા ભાજપ સંગઠનમાં ચાલી રહેલા આંતરીક અસંતોષ અને બળવાખોર તેવર સામે પ્રદેશ ભાજપે લાલ આંખ કરી છે. ખાસ કરીને જલાલપોર તાલુકામાં ભાજપ પ્રમુખ સહિત કાર્યકરોના સામુહિક રાજીનામા ના દોર બાદ પક્ષે નમતુ જોખવાને બદલે કડક શિસ્તબધ્ધ કાર્યવાહીનો માર્ગ અપનાવ્યો છે.

જલાલપોર તાલુકા ભાજપમાં પડેલા ૫૮ જેટલા રાજીનામા પૈકી જિલ્લા ભાજપે ૩૩ જેટલા રાજીનામા તાત્કાલીક અસર થી સ્વીકારી લઈને બળવાખોરોને ઘરભેગા કરી દીધા છે.

રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યુ છે કે શિસ્તભંગ કરનારા તત્વો સામે દાખલો બેસાડવા માટે પ્રદેશ સંગઠનની સીધી સુચનાથી આ કાર્યવાહી કરવામાં આવી છે. જે કાર્યકરોએ દબાણ ઉભુ કરવા માટે રાજીનામા ના હથિયારનો ઉપયોગ કર્યો હતો. તેમને જ પક્ષમાંથી વિદાય આપી દેવામાં આવી છે. આ મોટા ફેરબદલનો પગલે જિલ્લા ના રાજકારણમાં ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે. ભાજપ સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે પક્ષમાં શિસ્ત સૌથી ઉપર છે. અને કોઈપણ પ્રકારની બળવાખોરી સાંખી લેવામાં આવશે નહી, રાજીનામા સ્વીકાર્યા બાદ વિલંબ કર્યા વિના પ્રદેશ માળખાની સુચનાથી જલાલપોર તાલુકાનુ નવુ સંગઠન માળખુ પણ જાહેર કરી દેવામાં આવ્યુ છે. નવા માળખામાં પક્ષને વફાદાર રહેનારા ચહેરાઓને સ્થાન આપીને સંગઠનને ફરી બેઠુ કરવાની કવાયત હાથ ધરાઈ છે. આ આક્રમક વલણથી અન્ય અસંતુષ્ટ જુથોમાં પણ ફફડાટ વ્યાપી ઉઠયો છે. આગામી દિવસોમાં નવુ માળખુ કેવી રીતે કામગીરી કરે છે અને બળવાખોરોનુ આગળનુ પગલુ શું હશે તેના પર સૌની નજર મંડાયેલી છે.

# રાજકોટ વોર્ડ નં.૧૧માં ભાજપ નો રીપીટ થીયરી લાગુ કરશે? કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી મજબુત પાટીદાર ઉમેદવારોની શોધખોળ



પ્રતિનિધિ,ગાંધીનગર

રાજકોટ મહાનગરપાલિકાના વોર્ડ નં.૧૧ માં આ વખતે ખરાખરીનો ચુંટણીજંગ ખેલાશે, ભાજપ કદાચ આ વોર્ડ માં નોરીપીટ થીયરી લાગુ કરે તેવા રાજકીય સમીકરણો સર્જાયા છે. અનામત રોસ્ટર અનુસાર ઓબીસી પુરુષ અનામત આવતા લીલુબેન જાદવની ટીકીટ કપાય તેવા શકયતા હોવાની ચર્ચા છે. ગત ટર્મમાં આ વોર્ડ માં એસસી અનામતના કારણે અનામત બેઠક ઉપરથી ચુંટણી લડેલા રણજીતભાઈ સાગઠીયા પણ હવે આ વોર્ડ માં ચુંટણી લડી શકે તેમ નથી,

લેઉઆ પાટીદાર અગ્રણી વિનોદભાઈ સોરઠીયાને ૬૦ વર્ષ પૂર્ણ થયા હોય પક્ષ તેમને રીપીટ કરે તેવી શકયતા ઓછી છે. જો આ વોર્ડમાં કોઈ રીપીટ થાય તો કદાચ ભારતીબેન પાડલીયા થાય તો તેવી શકયતા છે. પરંતુ કડવા પાટીદાર સમાજમાંથી સોનલબેન ફળદુ સહિતના અનેક સક્ષમ મહિલા અને પુરુષ દાવેદારો રેસમાં છે. આ સંજોગોમાં ભાજપ વોર્ડ ના તમામ ઉમેદવારો બદલાવે તેવી પ્રબળ સંભાવના હોવાનુ બહાર આવ્યુ છે. ભાજપના નેતા અને કડીયા સમાજના પ્રમુખ નરેન્દ્રભાઈ સોલંકીના પુત્ર ટીકીટ માટે દાવેદારી કરશે તેવી ચર્ચા પણ વહેતી થઈ છે. નવા મવા ચોક સર્કલ થી શરૂ કરી ન્યારી ડેમ રોડ સુધીના ભૌગોલીક ક્ષેત્રફળ મુજબ શહેરનો સૌથી મોટો વોર્ડ નંબર ૧૧ મતદારોની સંખ્યાની દ્રષ્ટીએ પણ રાજકોટનો સૌથી મોટો વોર્ડ છે.

તાજેતરમાં પ્રસિધ્ધ થયેલી પ્રાથમિક મતદાર યાદી મુજબ વોર્ડ નં.૧૧ માં ૯૦,૧૪૮ મતદારો છે. જે સમગ્ર શહેરના તમામ વોર્ડ માં સૌથી વધુ છે. વોર્ડ નં. ૧૧ માં ૪૬,૭૩૫ પુરુષ મતદારો અને ૪૩,૪૧૧ સ્ત્રી મતદારો છે, આગામી ચુંટણીમાં અનામતના રોસ્ટર મુજબ વોર્ડ નં.૧૧ માં ૪ બેઠકોમાં પહેલી બેઠક સામાન્ય મહિલા, બીજી બેઠક સામાન્ય મહિલા, ત્રીજી બેઠક પછાતવર્ગ પુરુષ અનામત અને ચોથી બેઠક સામાન્ય વર્ગ પુરુષ આવી છે. અનામતના નવા રોસ્ટર ને કારણે તેમાં અન્ય કારણોસર આ વોર્ડ ના ભાજપના ચારેય ઉમેદવારો બદલાય તેવી શકયતા છે.

ગત ચુંટણી તરફ નજર કરીએ તો વોર્ડ નં.૧૧ માં ૨૦૨૧ થી ૨૦૨૬ ની ટર્મ માં ભાજપના ચારેય ઉમેદવાર ભારતીબેન ફર્નાન્ડીઝ પાડલીયા, લીલુબેન છગનભાઈ જાદવ, રણજીતભાઈ જેઠાભાઈ સાગઠીયા અને વિનોદભાઈ તેજાભાઈ સોરઠીયા ચુંટાયા હતા.

ગત ચુંટણીમાં વોર્ડ નં. ૧૧ માં ૭૬,૭૬૪ મતદારો હતા, તેમાંથી ૩૭,૯૭૧ એ મતદાન કરતા ૪૯.૪૬ ટકા મતદાન નોંધાયુ હતું. વોર્ડ નં. ૧૧ માં રાજકીય કાર્યકરોના સર્વે મુજબ ૨૫ હજાર લેઉઆ પાટીદાર, ૨૦ હજાર કડવા પાટીદાર, ૧૨ હજાર પ્રજાપતિ, ૧૦ હજાર અન્ય ઓબીસી સમાજ, અન્ય તમામ સમાજના અંદાજે ૨૩ હજાર મતદારો છે.

# ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણી માટે ભાજપે કરી તડામાર તૈયારીઃ ઉમેદવાર પસંદગી માટે જિલ્લા દીઠ ૩ નિરીક્ષકોની કરાઈ નિમણુંક



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની જાહેર થનારી ચુંટણી અગાઉ હવે ભાજપે ઉમેદવારોની પસંદગીનો ધમધમાટ શરૂ કરી દીધો છે. પક્ષ દ્વારા પહેલા કોર કમિટીની રચના બાદ ગઈ કાલે પ્રદેશ ચુંટણી સમિતિની જાહેરાત કરી હતી અને તેમાં પક્ષના દિગ્ગજ નેતાઓને પણ સમાવી લેવાયા છે.

આજે ગાંધીનગરમાં કમલમ ખાતે બેઠકોનો દોર શરૂ થયો હતો. પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા, સંગઠન મહામંત્રી રત્નાકર પ્રદેશ કાર્યાલય માં જ સતત બેઠકોનો દોર ચલાવી રહ્યા છે. આજે બપોરે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ પણ મંત્રી મંડળ સાથે કમલમ પહોચ્યા હતા. પક્ષના સુત્રોના જણાવ્યા મુજબ ચુંટણી સમિતિની વ્યવસ્થા પણ ગોઠવાઈ રહી છે. જેમાં પ્રથમ ઉમેદવારોની પસંદગી માટે સેન્સ ની પ્રક્રિયા ની નિશ્ચિત કરાશે. સુત્રોએ કહ્યુ હતુ કે મુખ્યમંત્રી ઉપરાંત પ્રદેશની ટીમ દ્વારા આજે શુક્રવારે રાજયભરમાં તમામ જિલ્લા મહાનગરોમાં ઉમેદવારોને સેન્સ લેવા માટે ૩-૩ નિરીક્ષકોની ટીમ બનાવીને તેઓને ચાલુ અઠવાડીયામાં જ જે તે મહાનગર અને જિલ્લામાં પહોચીને સેન્સ લેવા જણાવાશે જે અંગેની યાદી આજે મોડી સાંજે તૈયાર થઈ જશે. સુત્રોએ કહ્યુ હતુ કે મહાનગરો અને જિલ્લાઓમાં જે રીતે ઉમેદવારી માટે ભાજપમાં મોટી સંખ્યામાં દાવેદારો ઉમટે તેવી ધારણા હોવાથી પહેલા તમામ દાવેદારોને એક નિશ્ચિત ફોર્મમાં તેમની દાવેદારી કાર્યાલય ખાતે પહોચાડવા જણાવાશે અને કોણ ચુંટણી લડવા માટે યોગ્યતા ધરાવે છે. તે અંગે એક માપદંડ પણ જિલ્લા અને મહાનગરોમાં સુપ્રત કરી દેવાશે અને નિરીક્ષકોને પણ તે મુજબ જ ભલામણો આગળ ગાંધીનગર ચુંટણી સમિતિ સમક્ષ ફોરવર્ડ થાય તે ખાસ સુચના અપાશે. આમ આગામી તારીખ ૧ એપ્રિલના રોજ રાજયમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓની જાહેરાતની શકયતા વચ્ચે ભાજપે હવે તૈયારીઓને સ્પીડ ગીયરમાં નાખી છે.

# ગુજરાત ભાજપે સહપ્રવકતા અને સહમીડીયા ઈન્ચાર્જની ટીમ જાહેર કરીઃ સાબરકાંઠા જિલ્લાની કરાઈ બાદબાકી



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત ભાજપે તેના પ્રવકતા અને મીડીયા સહપ્રવકતા તથા ઈન્ચાર્જ ની નવી ટીમની જાહેરાત કરી છે. જેમાં પ્રવકતા તરીકે વલસાડના સાંસદ ધવલભાઈ પટેલ, અમદાવાદ અગ્રણી અશ્વિનભાઈ બેંકર, મહેસાણા ના જયરાજસિંહ પરમાર, અમદાવાદ જિલ્લાના ઘનશ્યામભાઈ ગઢવી, કચ્છના મનજીભાઈ આહીર, સુરતના પૂર્વ મેયર હેમાલીબેન બોઘાવાલા તથા અગાઉ પ્રવકતા તરીકે ફરજ બજાવી ગયેલ શ્વેતાબેન બ્રહ્મભટ્ટને જવાબદારી સોંપવામાં આવી છે. આ ટીમમાં પણ સાબરકાંઠા જિલ્લાની બાદબાકી કરવામાં આવી છે. સાબરકાંઠા જિલ્લાની બોદી નેતાગીરીને કારણે સાબરકાંઠા જિલ્લાને કોર કમિટીમાં પણ સ્થાન આપવામાં આવ્યુ નથી, કેટલાક સીનીયર મંત્રીઓને લેવામાં આવ્યા અને તેમાં પણ સાબરકાંઠા જિલ્લાના ઈડરના ધારાસભ્ય અને પૂર્વ અધ્યક્ષ તેમજ સીનીયર મંત્રી રમણલાલ વોરાની બાદબાકી કરવામાં આવતા સમર્થકોમાં નારાજગી વર્તાઈ જવા પામી છે. તો બીજી તરફ મીડીયા સહઈન્ચાર્જ તરીકે અમદાવાદના ઝુબીન આશરા અને ગાંધીનગરના કલ્પના પટેલને જવાબદારી સોંપવામાં આવી છે. પ્રદેશ પ્રવકતા તરીકે અનીલ પટેલ અગાઉથી જ જવાબદારી સંભાળી રહ્યા છે. પક્ષના મહામંત્રી અને કમલમમાં ઈન્ચાર્જ શ્રી પ્રશાંત કોરાટે આ જાહેરાત કરી હતી.

# રાજકીય ભંડોળ મેળવવામાં ગુજરાત ત્રીજા સ્થાનેઃ કુલ રૂપીયા ૩૦૯ કરોડ મેળવ્યું



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત એક સમૃધ્ધ રાજય છે અને તેનુ કારણ રાજયમાં ઉદ્યોગ-વ્યાપાર નો વધતો વ્યાપ છે. તેથી જ રાજકીય પક્ષોને મળતા ભંડોળમાં દિલ્હી જે દેશનુ રાજકીય પાટનગર છે અને મહારાષ્ટ્ર જે દેશનુ વેપારી પાટનગર છે. ત્યારબાદ પોલીટીકલ ડોનેશન-રાજકીય ભંડોળ આપવામાં ગુજરાત ત્રીજા સ્થાને છે. ૨૦૨૪-૨૫ ના વર્ષમાં જાહેર થયેલા આંકડા મુજબ ગુજરાતમાં મુખ્ય રાજકીય પક્ષોને કુલ રૂપીય ૩૦૯.૨ કરોડ નુ ભંડોળ મળ્યુ છે.

જો કે દિલ્હીમાં રાજકીય પક્ષોને રૂપીયા ૨,૬૩૯.૫ કરોડ નુ અને મહારાષ્ટ્રમાં રૂપીયા ૨,૪૩૮.૮ કરોડ નુ ભંડોળ મળ્યુ છે. તેની સરખામણીમાં ગુજરાતને રૂપીયા ૩૦૯.૨ કરોડ નું ભંડોળ માંડ દસમાં ભાગમાં ગણી શકાય પણ આ બંને રાજયોની સ્થિતિ અલગ છે. દિલ્હીમાં ભાજપને રૂપીયા ૨,૩૬૫ કરોડ, કોંગ્રેસને રૂપીયા ૨૪૯ કરોડ અને આમ આદમી પાર્ટીને રૂપીયા ૨૪ કરોડ મળ્યા હતા. મહારાષ્ટ્રમાં ભાજપને રૂપીયા ૨,૩૧૯ કરોડ, કોંગ્રેસને ૧૨૧ કરોડ અને આમ આદમી પાર્ટીને રૂપીયા ૧.૧ કરોડ મળ્યા તો ગુજરાતમાં ભાજપને રૂપીયા ૩૦૮ કરોડ, કોંગ્રેસ ને ૭૦ લાખ અને આમ આદમી પાર્ટીને ૧૦ લાખનુ ભંડોળ મળે છે. સત્તામાં નહી હોવા છતાં પશ્ચિમ બંગાળમાં ભાજપને ૨૨૩ કરોડ, કર્ણાટકમાં ૧૮૩ કરોડ મળ્યા છે.

દેશમાં રાજકીય પક્ષોને કુલ રૂપીયા ૬,૧૨૮ કરોડ, કોર્પોરેટ જગત અને વેપારી એકમો તરફથી રાજકીય પક્ષોને દાન આપ્યુ છે. જયારે વ્યકિતગત ડોનેશન જેમાં મોટા ભાગે રૂપીયા ૨ હજારની રામ ભરોસે પહોચ ફાટે તેથી રૂપીયા ૫૦૫.૬ કરોડ મળ્યા છે. ગુજરાતમાં કોર્પોરેટ ડોનેશન રૂપીયા ૨૫૦.૪ કરોડ અને વ્યકિતગત ડોનેશન રૂપીયા ૫૭.૫ કરોડ મળ્યા છે. તો કોઈ યુનિયન તરફથી પણ રૂપીયા ૧ કરોડ મળ્યા છે.